

# અધ્યાત્મ

વર્ષ : ૯ જાન્યુઆરી-૧૯૮૮ અંક : ૪

## * શ્રી સદ્‌ભાવભરી ભેટ *

જુઓ તો ખરા, આ સદ્‌ભાવભરી ભેટની સરવાણિ અધ્યાત્મને જીવાડી રહી છે. એનો સ્રોત અવિરત વહ્યા કરે છે. પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીની દિવ્ય શક્તિ અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપજ એમાં કારણભૂત છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે મુજબ છે–

રૂ.

૧૧ ઘાટકોપરનાં એક બહેન તરફથી.

૧૬ ખત્રીવાડ, મોરબીના એક સાધક તરફથી.
હા. શ્રી બાલમુકુન્દભાઇ શ્રોફ.

૨૬ ભાઇ આશીષ વિઠ્ઠલભાઈ ગોહિલ,
ભાવનગર પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં.

૨૫ બેન ધર્મિષ્ઠા વિઠ્ઠલભાઈ ગોહિલ, ભાવ.
બારમા ધોરણમાં પાસ થતાં.

૫૦૦ શ્રી ઇશ્વરભાઈ સી. છાટબાર, અમદાવાદ નવા
મકાનમાં મંગલ પ્રવેશ નિમિત્તે.

૫ એક સાધક તરફથી.

૨૧ શ્રી કીકાભાઈ ભાવસાર, સુરત હા. સુરેખા.

સહુનો આભાર ને અભિનંદન.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૯ અંક : ૪ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫–૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )
સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.
તંત્રી–સંપાદક : શ્રી નારાયણ હ. જાની.
સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લૉટ નં. ૧૬૮૮ બી.
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩
મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | |
|---|---|
| યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી ૩ |
| અદ્ભુત દર્શન | નારાયણભાઇ જાની ૮ |
| પરમ પીયૂષ પ્રાર્થના કેરા... | ભરતભાઈ વિઠ્ઠલભાઇ ભકત ૧૨ |
| ઈશ્વર કી ઓર | મમતા પી. ભાટીયા ૧૭ |
| અભિનવ જીવન | રતિલાલ ભાવસાર ૨૩ |
| ઉધાર ! | ડૉ. અશ્વિનભાઈ પટેલ ૨૪ |
| એક સાધકના યોગાનુભવમાંથી | પુષ્કર ચંદરવાકર ૨૫ |
| અંતિમ ક્ષણોમાં નામસ્મરણ | મહેન્દ્રકુમાર દેસાઇ ૨૯ |
| આંતર-બાહ્ય પ્રતિમાની દરકાર | ભાઇલાલભાઇ છાટબાર ૩૮ |
| પુનિત પગલે | કલ્યાણ ૪૨ |
| સંતને સન્માનો (૧) | સંત તુકારામ ૪૯ |
| પ્રશ્નોતરીની પ્રસાદી | જીજ્ઞાસુ ૫૧ |
| સમ-સમાન | કમલસુથાર ૫૫ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી ૫૭ |
| શ્રી રામકથા | શ્રી યોગેશ્વરજી ૬૧ |





# અધ્યાત્મ

બરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ જાન્યુઆરી-૧૯૮૮ અંક : ૪


## યોગેશ્વર કથામૃત

વિશેષ નોંધ:-તા. ૨૨, ૨૩, ૨૪ કપૂરા લગ્નપ્રસંગે અતુલ સાથે જવાનું બન્યું જેથી નોંધ ૨૫ મી થી શરૂ થાય છે.

વિક્રમ સંવત:-૨૦૩૬ શ્રાવણ સુદ ચૌદશને સોમવાર.

તારીખ:-૨૫-૮-૧૯૮૦

સ્થળ:-૧૬૮૮-A " સુભાષ, " સરદારનગર ભાવનગર.

દસ-વીસ કલાકની મુસાફરી પછી આજે સવારે આ પવિત્ર સ્થળમાં ઇશ્વરકૃપાથી આવી જવાનું બન્યું.

પૂ. શ્રી જાણે રાહ જોઇને બહાર ઊભા હોય એવું લાગ્યું. અમે પ્રણામ કર્યા થોડી વાતચીત કરી સ્નાન કરી લીધું. તે દરમ્યાન પૂ. માતાજી માટે ડૉકટર આવી ગયા. ઇન્જેકશન વિ. મૂકાઈ ગયું. અગિયાર વાગ્યા ને મુલાકાત શરૂ થઈ.

મેં જ્યારે મારી બેઠક પૂ શ્રી પાસેના આસન ઉપર લીધી ત્યારે એક રાજકુટુંબના ભાઇએ મારા ચરણે પૈસા મૂકી પ્રણામ કર્યાં. મેં તે પૈસા ફરી તે ભાઇને આપતાં પ્રેમથી કહ્યું " અમે કોઇના પૈસા કે વસ્ત્ર સ્વીકારતાં નથી, એટલે તે ભાઈ-એ તેજ પૈસા સહાસ્યે પૂ. શ્રીના ચરણે મૂકયા. એટલે પૂ.

શ્રી કહેવા લાગ્યા કે-મા તો નથી લેતાં પણ બાપા તો બધુ જ સ્વીકારે છે. ( સૌનું હાસ્ય). મને તો જેટલા પૈસા આપશો એટલા સ્વીકારી લઇશ, કારણ કે તે પૈસ સારા કામોમાં કે લોકકલ્યાણમાં જ વપરાશે. અને એકવાર અમે પોતે પણ તે વાપરીએ તો પણ લોક હિતાર્થે જ ગણી શકાય કારણ કે અમે લોકોનું હિત જ કરીએ છીએ. મેં એકવાર ભાગવતમાં વાચ્યું કે કથાકારને સોનાનો સિંહ આપવો. મને એ વાંચીને થયું કે કથાકાર માટે આ રીતે સોનાનો સિંહ લેવો એ બહું ખરાબ કહેવાય. જો કે આ બધુ પાછળથી લખાયું છે. આવી ભલામણ ઋષિમુનિઓ કરેજ નહીં, છતાં મેં સત્ય શું છે તે જાણવા મહર્ષિ વ્યાસનો ધ્યાન દ્વારા સંપર્ક સાધ્યો. તો તે ધ્યાનાનુભૂતિ દરમ્યાન તેમણે કહ્યું કે હવે સમય બદલાતો જાય છે. કથાકારને જો આર્થિક ચિંતા રહે તો તે કથા ઉપદેશ સારી રીતે ન કરી શકે. કથાકાર જો ચિંતાઓથી મુક્ત હોય તો તે પૂજન, મનન, શાસ્ત્રાધ્યયન ને સાધના માટે સમય આપી શકે. ”

મને લાગે છે કે મોંઘવારીના આ જમાનામાં કથાકારને સોનાનો એક સિંહ પણ મળી જાય તો નિશ્ચિત થઈ જાય. પણ પછી કથા સિંહ, વાઘણ, કપડાં-પૈસા ભેગા કરવા માટે જ થાય તો તે પછી લોભ ગણાય. પહેલાંના કથાકારો લોકકલ્યાણાર્થે સાત્વિક ભાવે કથા કરતા. ”

“ પાદરીઓને જૂઓને ! રહેવાનાં ઘર, સારા પગાર, છોકરાઓને ભણવાની સગવડ મળે એટલે તેઓ જંગલમાં કે આદિવાસી વિસ્તારમાં પણ સેવા કાર્ય કરવા પહોંચી જાય છે ને !

આટલી વાતચીત દરમ્યાન વરસાદ વરસવો શરૂ થયો. મુલાકાતનો સમય પણ પૂરો થયો. એટલે એક ભાઇ કહેવા



લાગ્યા-“ આપની આત્મકથા ‘ પ્રકાશના પંથે ’માં એક પ્રસંગે જેમા આપની પ્રાર્થનાથી પ્રવચનના સમયે વરસાદ બંધ થઈ ગયો એ પ્રસંગ ખૂબ સરસ છે.

પૂ. શ્રીઃ-હા, પ્રાર્થના પ્રભુ ઘણીવાર સાંભળે પણ ખરા ને ઘણીવાર ન પણ સાંભળે. આપણે પ્રવચનમાં જવું છે માટે વરસાદને બંધ કરવા પ્રાર્થના કરીએ પણ ખેડૂતોને વરસાદ આવે તો ઘણો ઉપયોગી નીવડતો હોય તો ભગવાન વરસાદ બંધ ન પણ કરે. ”

સૌ ભકતો સમય પૂર્ણ થતાં વિદાય લે છે.

પૂ. માતાજી ડાયબીટીસના દર્દી હોવાથી ઇન્જેકશન તથા ભોજન નિયમિત મળવું જોઈએ. એ દૃષ્ટિએ પૂ. શ્રી મુલાકાત જલ્દી બંધ કરાવી દે છે.

પૂ. માતાજી માટે એક નવી દવા લાવવામાં આવે છે તે પીવડાવવામાં આવે છે. ત્યારબાદ અમે ત્રણે ભોજન લઇએ છીએ.

પૂ શ્રી આજે દૂધ ભાત જ વિશેષ પ્રમાણમાં લે છે. ત્યારબાદ પૂ. શ્રી દૈનિક-પેપર ઉપર થોડી નજર નાંખે છે. આરામનો સમય છે પણ પૂ. માતાજીની અસ્વસ્થતાને લીધે પોતે સતત કામમાં રહે છે.

લાંબી મુસાફરીનો થાક હોવાથી મારા રૂમમાં મેં સાડાપાંચ સુધી આરામ કર્યો. શ્રી શાંતિભાઇ કનેરીયા અને એમના ભાઈ આજે રાજકોટથી દર્શન માટે પધારે છે. બપોરે ભોજન બાદ તેમની સાથે પંદર મિનિટ ગાળી હતી. ફરી સાંજે ૫-૩૦ કલાકે તેઓ આવી જાય છે. રાજકોટના પ્રવચનની ને ઉતારાની વાતો થાય છે. જેમાં પૂ. માતાજીની તબિયત સારી ન હોવાથી દાદર ન ચઢી શકાય માટે ભોંયતળીયાનો જ ઉતારો હોય એ વાત ઉપર ભાર મૂકે છે. સાંજના છ

વાગ્યા એટલે અમે પ્રવચન સ્થળે ગયાં.

આજનું પ્રવચન ગુરુ ઉપરની શ્રદ્ધા ને ગુરુને ભગવાનનું પ્રતિક માની શકાય એ મુદ્દા ઉપર હતું. આજે પ્રવચનની વચ્ચે જ–'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા' એ ભજન પૂ. શ્રીએ મારી પાસે ગવડાવ્યું. પ્રવચનના અંતે રામરાઘવ રામરાઘવ રામરાઘવ રક્ષ મામ્‌ની ધૂન મચાવી.

પ્રવચન સ્થળથી ઉતારા પર આવતાં પૂ. શ્રીએ માર્ગમાં વાતો કરી-જેમાં-તમારી હાજરી એજ સેવા છે એમ કહ્યું.

પૂ. માતાજીને નાસ્તો આપ્યો અને પોતે પણ (હળવા નાસ્તામાં ઘઊંના લોટનો આજે શીરો બનાવડાવ્યો હતો.) તે લીધો. પૂ. શ્રી નાસ્તો લેતાં લેતાં મને કહેવા લાગ્યા કે હું તમને કામ ન સોંપુ તો દુઃખ ન લગાડશો. પૂ. માતાજી માટે તો હું જ ડૉક્ટર ને નર્સ છું. સમય ને સંજોગો પ્રમાણે કામ સોંપવા જેવું હશે તો સોંપીશ પણ ખરો. તમે અહીં હાજર રહો એજ મોટામાં મોટી સેવા છે. તમારે મારી સામે જોવાનું છે. મારી સેવામાં તમારી ફક્ત ઉપસ્થિતિ જ પૂરતી છે. તમે અહીં છો એજ તમારી સર્વશ્રેષ્ઠ મારા માટેની સેવા છે.

મેં આજે નાસ્તા પછી દૂધ લેવાની ના પાડી તો પૂ. શ્રી કહે જે હરિ (આ શબ્દો બોલતાં બોલતાં પોતાના વાસ્તવિક સ્વરૂપનો હૃદય ઉપર હાથ રાખીને પરિચય કરાવતા હોય તેમ બોલ્યા) "જે હરિ કરશે તે મમ હિતનું" એમ માની થોડું દૂધ લો પ્રસાદનું છે, એટલે થોડું લો (પૂ. શ્રીની દૃષ્ટિ જે પદાર્થો પર પડે તે પ્રસાદ ગણાય), આટલી સ્પષ્ટ આજ્ઞા પોતે જાણે હરિ જ છે એમ પોતાના મુખે પોતાના અભિનયથી મને સમજાવી રહ્યા હોય એમ લાગ્યું



જેથી મેં થોડું દૂધ લીધું.

પૂ. શ્રી આજકાલ પૂ. માતાજીના ઓરડામાં જ સૂઇ જાય છે, પૂ. માતાજી અસ્વસ્થ છે જેથી કોઈ જરૂર પડે તો મદદરૂપ થઇ શકાય એ દૃષ્ટિએ પૂ. શ્રીનો પલંગ પૂ માતાજીના રૂમમાં મૂકવામાં આવે છે. પૂ. માતાજીને ઉલટી જેવું થતાં તેમને પૂ. શ્રી કપડાં બદલાવે છે. બન્ને આરામ કરે છે.

કપુરાના સૌ સ્વજનોના અતિશય પ્રેમ ભર્યા આગ્રહ છતાં ત્યાં ન રોકાતાં અહીં આવી ગઇ. આજે આખો દિવસ પૂ. શ્રી સાથે પસાર થયો.

"તમારી મોટામાં મોટી સેવા એ મારી સાથેની તમારી ઉપસ્થિતિ છે" આ એક જ પૂ. શ્રીનું વાક્ય મને શાંતિ પ્રસન્નતા ને સંતોષ આપતું હતું ને વારંવાર મારા આંતર-ચક્ષુ સમક્ષ પૂ. શ્રી સાથે ખડુ થતું હતું. આ શરીરની ઉપસ્થિતિથી જો પૂ. શ્રીને આનંદ, સંતોષ ને પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય તો મારે તેમને છોડીને ક્યાંય ન જવું જોઇએ એવું મને સમજાયું.

આજે સમૂહમાં શ્રી નારાયણભાઇ જાનીને ત્યાં રાત્રે પ્રાર્થના કરી. ડાયરીમાં રોજનીશી લખી. હરિ ૐ. (ક્રમશઃ)

**પૂ. શ્રીમા સર્વેશ્વરી**

એક આત્મતૃપ્ત સંતનું

# અદ્દ્ભુત દર્શન

નારાયણભાઈ જાની

શાસ્ત્રો કહે છે કે સંતનું દર્શન અને મિલન સદા સુખકારી હોય છે. પણ સાચા સંત મળે કયાં, અને મળે તો ઓળખાય શી રીતે?–એ મહત્ત્વનો પ્રશ્ન છે.

સાચા આધ્યાત્મિક સંતો કોઇ પર્વતીય ગુફામાં, ગંગા-યમુનાનાં તટવર્તી તીર્થોમાં, કે કોઈ ગીચ જંગલની ગાઢ ઝાડીઓમાં શું રહેતા હશે? ના, એવું નથી. એઓ તો પોતાની આત્મમસ્તીમાં કે ઈશ્વરની પ્રેરણાનુસાર સંસારમાં વિચરતા રહે છે. પછી ભલે તેઓ કોઇ શહેરની માનવોથી ઊભરાતી સડક પર ફરતા હોય, કે કોઇ ગામડાની પગદંડી પર ચાલતા હોય, કોઈ બગીચામાં વિચરતા હોય કે સાગર-કાંઠે બેસી નિસર્ગનું સૌંદર્ય માણતા હોય. એમના મનની સ્થિતિ હંમેશાં સ્વ–સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત હોય છે.

અમને આવા એક અદ્દ્ભુત આત્મતૃપ્ત સંતનું અચાનક દર્શન સહરાનપુર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર થયું.

તા. ૨૪ નવેમ્બર ૮૭ ના રોજ દેહરાદૂન એકસપ્રેસમાં અમે હરદ્વારથી મુંબઈ તરફ પાછા ફરી રહ્યા હતા. અમારી ગાડી સહરાનપુર સ્ટેશને ખાસ્સુ રોકાઈ. મારી અને મારાં પત્નીની બેઠક બારી પાસે હતી. અમે બારીમાંથી બહાર હરતા ફરતા મુસાફરોની ચહલપહલ સહજ ભાવે નીરખી રહ્યાં હતાં. ત્યાં અચાનક મારાં પત્નીની નજર–સામેના ઉઘાડા પ્લેટફોર્મના એક ભાગ ઉપર પડી. ત્યાં તડકામાં એક સાધુ બેઠેલા જોયા. બપોરે ત્રણેક વાગ્યાનો સમય હતો.



હવામાં થોડી ઠંડક હતી એટલે સૂર્યનો તડકો માણતા તે પ્લેટફોર્મના ઢાળ નજીક ઊભા પગે બેઠેલા હતા.

શરીરના ઢીંચણ સુધી કમ્મર પર એક કકડો વીંટેલો હતો. ઉપરના ભાગમાં બીજો એવો કકડો ઓઢેલો હતો. બન્ને સફેદ કકડા બહુ સ્વચ્છ નહિ તો બહુ મેલા પણ ન હતા. માથા ઉપર આછા લાંબા સફેદવાળ ને મુખરૂપ પણ આછી સફેદ દાઢી. મુખ અને આંખો આકર્ષક ને તેજસ્વી હતાં. ચામડીનો રંગ ઉજળો. પગમાં ચંપલ કે સ્લીપર કશું નહિ, ઉઘાડા હતા. તેમની મુખાકૃતિ પ્રથમ નજરેજ આકર્ષક લાગતી. આંખોમાં ભાવવાહી ઊંડાણ વરતાતું.

એમને જોતાંજ મારાં પત્નીને સહજ રીતે ભાવ થઇ આવ્યો કે "આ કોઇ સારા સાધુ છે. ચાલો, એમને કંઇક આપીએ." એમણે મારૂં ધ્યાન એમના પ્રતિ દોર્યું ને કહ્યું "કોઈ સારા સાધુ લાગે છે, કંઇક આપો એમને." મને એમની વાત ગમી. મેં તુરત જ બે રૂપિયાની નોટ કાઢી ઇશારતથી એ સંતને મારી પાસે આવવા સૂચવ્યું. અમારી અને એ સંત વચ્ચે રેલ્વેના ખાલી પાટા હતા ને તે પાટા પરના પ્લેટફોર્મ ઉપર તે બેઠેલા. તેઓએ મારી સામે જોયું, પણ ઊઠવાની કોઇ તત્પરતા ના દેખાડી. મેં ત્રણચાર વાર ઇશારત કરી, પણ તેઓ તો જાણે શૂન્યમનસ્કની જેમ જોઈ રહ્યા ને બેસી રહ્યા.

મને ખાત્રી થઇ કે તેઓ જાતે ઊઠીને આવે એમ નથી, એટલે મેં તેમનાથી થોડે દૂર બેઠેલા એક પ્રવાસીને ઈશારત કરી બોલાવ્યો. તે ભાઈ પાટા ઓળંગી મારી પાસે આવ્યા. તેને મેં બે રૂપિયાની નોટ આપી. ને પેલા સાધુને આપવા વિનંતી કરી.

તે ભાઈ તે નોટ લઇ તે સાધુ પાસે ગયા, પરંતુ તેમણે તે લીધા નહિ. ખૂબ સમજાવ્યા છતાં ન લીધા એટલે મને તે ભાઇએ નોટ પરત કરી.

આથી મેં પૂછ્યું. "કયા વે પૈસે નહિ લેતે? તો કયા લેતે હૈં?"

એણે મને કહ્યું. "શાયદ કુછ ખાના હોવે તો લેવે."
આથી મારી પાસે કેળાં પડેલાં હતાં. તેમાંથી મેં બે આપ્યાં ને બીજાં એક બેને એક સંતરૂ આપ્યું. તે લઇને તે ભાઇ ફરી પાછા તે સાધુ પાસે ગયા ને ફળો લેવા આગ્રહ કર્યો.

એ સાધુએ ફળોનો અસ્વીકાર કરતાં કહ્યું, "આજકા રોટી પા લીયા હૈ. કલ પ્રભુ દેંગે." અમને પેલા ભાઇએ આ શબ્દો કહ્યા ત્યારે અમને ભારે આશ્ચર્ય થયું. અમે પેલાં ફળો એ ભાઇને રાખી લેવા કહ્યું.

એ સાધુના માત્ર બે સાદાં વાકયોએ અમને વિચારતા કરી મૂકયા. કેવો ઉત્તમ આત્મસંતોષ! કેવી અદ્દ્ભુત પ્રભુ પરની નિષ્ઠા! આજે જેણે ભોજન આપ્યું છે તે આવતી કાલે પણ આપશે જ, એની શી ચિન્તા? પ્રભુ પરનો આવો અદ્દ્ભુત ભરોસો કોઈ વિરલ આત્મતૃપ્ત સંત જ રાખી શકે. અમે દૂરથી પણ એ સંતના ચરણોમાં મનોમન પ્રણામ કર્યા ને અમારી ગાડી ઉપડી.

અમને થયું આજે માણસ સંપત્તિ ને સંગ્રહનો કેવો ગુલામ બન્યો છે? ત્યારે આ સંતને આવતી કાલની કોઈ ચિન્તા નથી. પ્રભુ કોકને પ્રેરણા કરશે ને ખવડાવશે. નહિ ખવડાવે તોપણ એની મરજી. પ્રભુના હાથમાં હથિયાર તરીકે પોતાની જાતને સોંપી દીધા પછી વળી ચિન્તા કેવી? પક્ષીઓ કે પશુઓ કયાં સંગ્રહ કરે છે? છતાં પ્રભુ એમનું જીવન



ચલાવે છે.

માણસ જો આટલુંજ સમજી જાય તો આ દુનિયાં સ્વર્ગ બની જાય, જીવવા જેવી બની જાય. ધનનો કોઈપણ ભોગે સંગ્રહ કરવાની ઘેલછાએ આજે સમાજમાં કેવી ભીષણ વિષમતાઓ સર્જી છે! કયાંક ધનના ઢગલા છે તો કયાંક એક ટંક ખાવાનું પણ નથી. આવા સંતપુરુષો પોતાના આચરણથી માનવને કેવો સરસ સંદેશો ધરે છે, પણ કોને સમજાશે, કોને સંભળાશે?

## * ક્ષમા–યાચના *

અધ્યાત્મના નવેમ્બર ૮૭ ના અંકના પાના નંબર ૬૨ અને ૬૩, તેમજ ડીસેમ્બર ૮૭ ના અંકના પાના નંબર ૪૯ થી ૫૩ ઉપર "પ્રકાશના પંથે" એ હેડીંગ નીચે જે લેખ બે કટકે પ્રસિદ્ધ થયો છે તે "પ. પૂ. શ્રી સત્ય સાઇબાબાનું અમેરિકામાં સ્થાન" એ વિષય ઉપર શ્રી ઇશ્વરભાઈ ભક્ત, કપૂરાએ લખેલો સ્વતંત્ર લેખ છે. ભૂલથી તે પ્રકાશના પંથેના હેડીંગ નીચે મૂકાઈ ગયો છે.

આ માટે વાંચકો અને લેખક અમને ક્ષમા કરે એજ પ્રાર્થના

—તંત્રી

# પરમ પીયૂષ પ્રાર્થના કેરા....

ભરતભાઇ વિઠ્ઠલભાઈ ભક્ત

"મને જ્યારે કોઈ સારું કામ કરવાનો અવસર મળે છે ત્યારે મારું સૌથી પહેલું કામ પ્રભુની પ્રાર્થના કરવાનું હોય છે. એ વખતે હું એને કહું છું કે "હે પ્રભો! તમે મારી સાથે રહીને મારી મદદ કરો કારણ કે તમારા વિના મારા એકલાથી આ કામ થઇ શકવાનું નથી." જ્યારે પણ મેં આવી પ્રાર્થના કરી છે ત્યારે ત્યારે મેં ભીતરમાં ખૂબ જ તાકાત મેળવી છે"–સંત લોરેન્સના આ શબ્દો પ્રાર્થનાનું પ્રેરકબળ કેટલું હોય છે તે દર્શાવે છે.

ઈશ્વરના શ્રેષ્ઠ સર્જનોમાં સૌથી શ્રેષ્ઠ અને બુદ્ધિશાળી સર્જન તરીકે મનુષ્યની ગણના થાય છે. અને વાત પણ સાચી છે. મનુષ્ય સમર્થ છે પણ સર્વ સમર્થ નથી. વિશ્વના પ્રત્યેક તત્ત્વને પણ પોતાની મર્યાદા હોય છે-હદ હોય છે માણસને પણ આવી જ હદ હોય છે. ભગવાન સિવાય બીજું કોઈ પૂર્ણ નથી. માણસ પૂર્ણ થવા મથે છે પણ એના માર્ગમાં એનું એકાંગીપણું નડતરરૂપ બને છે. બ્રહ્માંડની સર્વોચ્ચ અને પરમશ્રેષ્ઠ શક્તિ-સત્તા સાથે એકલીનતા ન કેળવવાને કારણે માણસની શક્તિનો સ્રોત મર્યાદિત બની જાય છે, પરિણામે તે પોતાને નિરાધાર–નિઃસહાય સમજવા લાગે છે. એને જો પરમસત્તાની કૃપા મળે--આધાર મળે તો એનું જીવન ભર્યું ભર્યું બની જાય છે.

જીવનું પરબ્રહ્મ–શિવ સાથે મિલન કરાવનાર માધ્યમ અને પ્રેરકબળ એટલે પ્રાર્થના. પ્રાર્થના ઈશ્વરની પૂજા છે–ઇબાદત છે. પ્રાર્થના એ પ્રભુ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવાનું



સર્વોચ્ચ માધ્યમ છે, જેનું અંતર પ્રભુપ્રેમથી પુલકિત બન્યું હોય તેને જ પ્રાર્થનામાં શ્રદ્ધા બેસે છે. ભક્તિ અને પ્રેમનો આધાર લીધા વિના પ્રભુ સાથે સાચા અર્થમાં સંબંધ નથી જોડાતો. આપણો અહંકાર સાધનાના માર્ગમાં મહાન અવરોધરૂપ નીવડે છે. એક મસ્તકમાં દસ મસ્તક ભરીને પ્રભુને નમનાર માણસની મૂર્ખાઈ પર પ્રભુ હસે નહિ તો બીજું શું કરે? પૂર્ણ સમર્પણ કર્યા વિના કરેલી પ્રાર્થના પૂર્ણપણે ફલદાયી નથી નીવડતી. મધર ટેરેસાની વાત બિલકુલ સાચી છે. તેઓ કહે છે કે "પ્રાર્થના પોતાને સૌથી વિશ્વગત, સર્વ સમર્થ તથા સૌથી વધારે આત્મીય સત્તા સાથે જોડવાની એક સરળ પરંતુ અત્યંત પ્રભાવશાળી આધ્યાત્મિક પ્રક્રિયા છે. તે ક્રિયામાં સામાન્ય હોવા છતાં પણ પ્રતિક્રિયાની દૃષ્ટિથી અસામાન્ય છે. પવિત્ર ભાવથી કરવામાં આવેલી પ્રાર્થના અસંભવને પણ સંભવ બનાવી શકે છે."

પ્રાર્થના અનેક સ્વરૂપો દ્વારા કરવામાં આવે છે. દા. ત. પ્રાર્થના, જપ, સ્તવન વગેરે. આપણે એમાંથી કયા સ્વરૂપે પ્રાર્થના કરીએ તે મહત્ત્વનું નથી પણ પ્રાર્થનાનું હાર્દ શું છે-આપણે કેટલી શ્રદ્ધાથી પ્રાર્થના કરીએ છીએ તેજ મહત્ત્વનું છે. પ્રાર્થનાના શબ્દો કરતાં એનો ભાવ જો આપણાં હૈયાને ભીંજવીને તરબતર કરી દે એજ અગત્યનું છે, પ્રાર્થના એટલે વિનંતિ નહીં-માગણી નહીં પણ સ્નેહને શરણે જઈને આત્મશુદ્ધિ અને સદ્ગુણ વધારવાનો પ્રયાસ કરવો એ છે. પ્રાર્થના કરનાર વ્યક્તિ પ્રાર્થનામાં પોતાના ઇષ્ટદેવ પાસે શક્તિ માગે છે અને પોતાના દોષો પ્રગટ કરે છે. ઋગવેદની એક ઋચામાં જણાવ્યા પ્રમાણે "જે સાધક સાચા મનથી પોતાના દોષો સ્વીકારીને પ્રાયશ્ચિત કરવા માટે

તૈયાર રહે છે તેના ઉપર વરુણદેવ કૃપા કરે છે."

દરેક ધર્મ-સંપ્રદાયમાં કોઇને કોઈ રૂપમાં પ્રાર્થના કરવાનું વિધાન છે. જૈનસૂત્ર ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯ મા અધ્યયનના ૧૩મા સ્થાનમાં બતાવ્યું છે કે "સ્તવસ્તુતિ મંગલથી અર્થાત્ પ્રાર્થનારૂપી મંગલથી આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાનદર્શનચારિત્રનો લાભ થાય છે. જેને પરિણામે જીવ મુક્તિ લગીનું પરિણામ મેળવી શકે છે. મતલબ કે કઠોરમાં કઠોર તપથી, કડકમાં કડક ત્યાગથી તથા અતિશય ઊંડા જ્ઞાનથી પણ જે ન સાધી શકાય અથવા માંડ માંડ સાધી શકાય તેવી મહાન વસ્તુ માત્ર પ્રાર્થનાથી સાધી શકાય છે, કારણ કે પ્રાર્થના સ્વયં સમર્પણનું પ્રતીક છે. સાચા દિલે પ્રાર્થના કરનાર માનવી પોતાની જાતને તેટલીવાર સાવ ભૂલી જાય છે. આ યુગે સર્વસાધ્ય અને સૌથી સરળ આ અજોડ સાધન છે. તેમાંય જો એ સામુદાયિક રીતે થાય તો સ્થૂળ અને સૂક્ષ્મ-ભૌતિક અને આધ્યાત્મિક—અનેક ચમત્કારો પ્રાર્થના સર્જાવી મૂકે છે."

મુસ્લિમો નમાજ પઢીને પ્રાર્થના કરે છે, ખ્રિસ્તીઓ દેવળમાં જઇને "O Lord ! Come Lord ! Have Mercy !" જેવા ઉદ્ગારોથી ઇસુની પ્રાર્થના કરે છે. ઈસુએ પોતાના શિષ્યોને આ શબ્દોમાં પ્રાર્થના કરવાનો ઉપદેશ આપ્યો છે- "પોતાના ઓરડામાં ચાલ્યા જાઓ અને બારણાં બંધ કરી દો. ત્યાર પછી જ પોતાના ગુપ્ત-પિતાની પૂરી ભાવાનાથી પ્રાર્થના કરો"-કહેવાનો અર્થ એ છે કે અંતર્મુખી થઇને ઊંડાણમાં ઊતરીને પ્રાર્થનાનો અભ્યાસ કરવામાં આવે." પ્રાર્થના એ મનુષ્ય જીવનનું એક બંધારણ જ છે. બંધારણને લીધે જેમ રાજ્યો ટકે



છે. તેમ હૃદયના બધા તારો જ્યારે તૂટવાની અણી ઉપર આવે છે ત્યારે પ્રાર્થનાથી જ જીવનનું ધારણ થાય છે, જીવન ટકે છે, નિરાશાના ગાઢ અંધકારમાં આશાનું કિરણ ઉપજાવવાની શકિત પ્રાર્થના દ્વારા જ મળે છે. જાપાનનો પ્રસિદ્ધ ધર્મ છે-શિંટો. "શિંટો" શબ્દનો અર્થ છે "શ્રેષ્ઠતા -પવિત્રતા." દેવતાઓની આ વિશેષતા એમના સુધી પહોંચે એવી પ્રાર્થના છે. આ ધર્મનો ઈતિહાસ ૭૧૨ એ. ડી. તથા ૭૨૦ એ. ડી. માં લખવામાં આવેલા બે પુસ્તકો-Records of Ancient Matters અને Cronicles of Japan-માંથી મળે છે. આ ધર્મની માન્યતા છે કે દેવતા અદૃશ્ય દિવ્ય શકિતઓ છે. તે સાચી પ્રાર્થનાનો વળતો જવાબ આપે છે. આ ધર્મનું કથન છે કે "મનુષ્ય એ દેવતાઓનો પુત્ર છે. માટે મૂળભૂત રીતે એની પ્રકૃતિ પણ દેવતાઓ જેવી છે. ગંદકીના આવરણને લીધે એનું મૂળ સ્વરૂપ પ્રગટ નથી થઈ શકતું. પણ જો મનુષ્ય સાચા દિલથી પ્રાર્થના કરે તો એ આવરણને હઠાવી શકે છે. તથા પોતાની પવિત્ર સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે. મહાન મનઃશાસ્ત્રી વિલિયમ જેમ્સ પણ સાચું લખે છે. તે લખે છેઃ "પ્રાર્થના ચેતનાથી અચેતન ભાવનાઓમાં પહોંચવાની એક એવી પ્રક્રિયા છે જેમાં માનસિક શુદ્ધિ આપોઆપ થઈ જાય છે, આ મગજના વિચારોનો એક ઊભરો છે. જે અદૃશ્ય સત્તા સાથે સંપર્ક સાધવાનું કામ કરે છે."

જળમાંથી બહાર કાઢેલી મીનનું તડપન કદી નિહાળ્યું છે ? મધુર વર્ષાબિંદુને ઝીલવા માટે એકાગ્ર બનીને ઊભેલા ચાતક પક્ષીને જોયું છે ? રવિ કિરણોની રાહ જોઈને પુષ્પ પાંદડીઓ વચ્ચે બીડાયેલા ભ્રમરનું તપ કોઇએ જાણ્યું છે ? -બસ એવી જ ઉત્કટ ભાવના-તડપન આપણા હૈયે થાય-

હૈયું વલોવાઈ જાય—આવી વખતે કરેલી પ્રાર્થના જ સાચી પ્રાર્થના છે. "સાધનાનું લક્ષ્ય પ્રાર્થના વગર કયારેય પૂરું નથી થતું. સાધક માટે પ્રાર્થનાનું એટલું જ મહત્ત્વ છે જેટલું મનુષ્ય માટે શ્વાસ લેવાનું. આત્માની પરમાત્માની સાથે મળવાની તીર્થયાત્રામાં પ્રાર્થના એક સમર્થ વાહન છે." પ્રાર્થના એ આત્માનું સ્નાન છે, તો હૃદયનો ખોરાક છે અને પરભવનું ભાતું છે. ભવસાગરમાં અથડાતી જીવન નૈયાનું સાચું અને સમર્થ સૂકાન હોય તો તે પ્રાર્થના જ છે. પ્રાર્થનાએ કોની નાવ નથી તારી ? નરસિંહ, મીરાં, સુરદાસ, તુલસીદાસ, સુધનવા, દ્રૌપદી, સતી અનસૂયા, સતી સાવિત્રી, સતી દમયંતી,—કેટલાયે નામો આજે ય જીભ પર તરવરે છે ! મહાત્મા ગાંધીજી તો પ્રાર્થનાને ખૂબ જ મહત્ત્વ આપતા. જો સૂર્ય ઊગવાનું બંધ કરે તો તેઓ પ્રાર્થના બંધ કરે. તેઓ કહેતા કે "પ્રાર્થના એ સમર્પણની એક એવી મહાન પ્રક્રિયા છે જે સાધકના વ્યક્તિત્ત્વને અસંખ્ય વિભૂતિઓથી ભરપૂર બનાવી દે છે."

અંધકારથી આપણે ડરીએ છીએ પણ અંદરના અંધકારનો આપણને ભય નથી લાગતો. પૃથ્વી પર અંધારાના ઓળા ઊતરી આવતા જ આપણે પ્રકાશની ઝંખના રાખીએ છીએ. દીવો સળગાવીએ છીએ વા લાઇટ સળગાવીએ છીએ, કિન્તુ અંતરના તિમિરને પ્રજાળવા માટે એકાદ ચિનગારી પણ ચેતાવીએ તો કેવું ? આપણા અંતરને અજવાળવા માટે જવાળાની જરૂર નથી, માત્ર એક જ્યોતની જ જરૂર છે; જવાળા બાળે છે, જ્યોત ઊજાળે છે. અને જ્યોત જ નવજ્યોત પ્રગટાવી શકે છે.

જવાળાની ગરમી કરતાં જ્યોતની હૂંફ વધુ સારી !



# ઈશ્વર કી ઓર

મૂ. લે:—પ. પૂજ્ય શ્રીઆશારામ બાપુ
સંકલનઃ—મમતા પી. ભાટીયા

આજે તમે તમારી પોતાની સ્મશાનયાત્રા જોઈ. તમારા શબની, તમારા હાડપિંજરની સ્થિતિ જાણી. તમે એક એવું ચૈતન્ય છો કે તમારું મોત થવા છતાં તમે એ મોતના સાક્ષી છો. તમારું શબ બળવા છતાં તમે એનાથી અલગ રહેનાર જ્યોતિ છો. આજ સુધી તમે હજારો હજારો મોતની યાત્રાઓ કરતા આવ્યા છો.

મૃત્યુ પછી પોતાના બધા પરાયાં થઇ ગયાં. તમારું શરીર પણ પારકું થઈ ગયું. છતાંય તમારો આત્મા આજ સુધી પારકો નથી થયો. હજારો કુટુંબોએ તમને છોડી દીધાં, લાખો મિત્રોએ તમને છોડી દીધા, લાખો લાખો શરીરો તમે છોડી દીધાં. પરંતુ તમારો આત્મદેવ તમને કદી નથી છોડતો.

'હું આ શરીરની સ્મશાનયાત્રા પછી પણ શેષ રહું છું. ઠાઠડી બળી ગયા પછી પણ બચી જાઉં છું. હું ચિદાકાશ... જ્ઞાનસ્વરૂપ આત્મા છું. મેં છોડી દીધાં મોહમમતાને. કાપી નાખ્યો સઘળો પ્રપંચ.' આ અભ્યાસને વધારતા રહેજો. શરીરની અહંતા અને મમતા જે અંતિમ વિઘ્ન છે એને આ રીતે તોડતા રહેજો. તક મળે તો સ્મશાનમાં જજો. પોતાને ભડકે બળતી ચિતાનું દૃશ્ય બતાવજો. સ્મશાનમાં વિવેક અને વૈરાગ્ય જાગે છે. વિવેક અને વૈરાગ્ય વિના તમને સાક્ષાત્કારી પૂર્ણ સદ્ગુરુ મળી જાય તોય તમને એટલી પ્રગતિ નહિ

કરાવી શકે. તમારામાં વિવેક અને વૈરાગ્ય ન જાગ્યા હોય તો ગુરુ પણ શું કરે ?

જ્ઞાનની જ્યોત્ પ્રગટવા દો આ શરીરની મમતાને તૂટવા દો. શરીરની મમતા તૂટશે તો બીજા બધા સંબંધો અંદરથી ઢીલા થઇ જશે. અહંતા મમતા તૂટી જતાં તમારો વ્યવહાર પ્રભુનો વ્યવહાર બની જશે. તમારી વાણી પ્રભુની વાણી બની જશે. તમારું દર્શન પ્રભુનું દર્શન બની જશે. તમારું જીવન પ્રભુનું જીવન બની જશે.

મનોમન પોતાને પૂછો, ‘ મારા એવા દિવસો કયારે આવશે કે દેહ હોવા છતાં હું પોતાને દેહથી પૃથક અનુભવ કરીશ ? મારા એવા દિવસો કયારે આવશે કે હું એકાંતમા બેઠાં બેઠાં પોતાના મન–બુદ્ધિને અલગ જોતાં જોતાં આત્મામાં તૃપ્ત રહીશ, હું આત્માનંદમાં મસ્ત રહીને સંસારના અન્ય વ્યવહારોમાં નિશ્ચિંત રહીશ ’ ? એમ ન વિચારો કે ‘ એવા દિવસો કયારે આવશે કે મારું પ્રમોશન થઈ જાય, હું પ્રેસિડેન્ટ થઇ જાઉં, હું પ્રાઇમ મિનિસ્ટર થઇ જાઉં....... ’ એવું વિચારો કે હું કયારે આત્મપદ પામીશ ? કયારે પરમાત્મા સાથે એક થઇશ ?

તમે રહેવા માટે અહીં થોડા જ આવ્યા છો, તમે અહીંથી પસાર થવા માટે આવ્યા છો. આ જગત તમારું ઘર નથી. ઘર તો તમારો આત્મદેવ છે. સંતોનું જે ઘર છે એ જ તમારું ઘર છે. સ્વામી રામતીર્થ પ્રાર્થના કરતા : ‘ હે પ્રભુ ! મને મિત્રોથી બચાવજો, સુખોથી બચાવજો. ’

સરદાર પૂરણસિંહે પૂછ્યું : ‘ શું કહો છો સ્વામીજી ? શત્રુઓથી બચવાનું હોય, કંઇ મિત્રોથી થોડું જ બચવાનું હોય ? ’



રામતીર્થ : ‘ ના, શત્રુઓ સાથે હું ફોડી લઇશ, દુઃખો સાથે હું પતાવી લઇશ. દુઃખમાં કદી આસક્તિ નથી થતી, મમતા નથી થતી. મમતા અને આસક્તિ જ્યારે જ્યારે થાય છે ત્યારે મિત્રોમાં થાય છે, કુટુંબીઓમાં થાય છે, સ્નેહીઓમાં થાય છે. ’ મિત્રો આપણો સમય ખાઈ જાય છે, સુખો આપણો સમય ખાઈ જાય છે. તેઓ આપણને બેહોશીમાં રાખે છે. કરવાનું છે તે રહી જાય છે, જે નથી કરવાનું એને જ સંભાળવામાં જીવન ખોવાઇ જાય છે.

સાધક એ છે કે જે હજારો વિઘ્ન આવે તોય ન અટકે, લાખો પ્રલોભનો આવે તોય ન ફસાય, કરોડો ભયના પ્રસંગો આવે તોય ભયભીત ન થાય અને અબજો ધન્યવાદ મળે તોય અહંકારી ન થાય. એનું જ નામ સાધક છે. સાધકને અનુભવ હોવો જોઇએ કે :

हमें रोक सके ये जमाने में दम नहीं ।
हमसे जमाना है जमाने से हम नहीं ।।

પ્રહ્લાદના પિતાએ ઈશ્વરના માર્ગેથી રોકયો તો પ્રહ્લાદે પિતાની વાતને ઠોકર મારી અને ઈશ્વરના માર્ગે ચાલી નીકળ્યો. મીરાંને પતિ અને પરિવારે રોકી તો મીરાંએ એમની વાતને ગણકારી નહિ. બલિરાજાને તેમના તથાકથિત ગુરુએ રોકયા તો બલિરાજાએ એમની વાતને અભરાઈએ મૂકી. ઈશ્વરના માર્ગે ચાલતાં જો પત્ની રોકે તો ભરથરીને યાદ કરીને પત્નીની મમતાને ઠેલી દેજો. જો પુત્ર અને પરિવાર અટકાવે તો એમને મમતાની જાળ સમજીને જ્ઞાનની કાતરથી કાપી નાખજો. તુલસીદાસજીએ એ વિષે કેટલું સુંદર કહ્યું છે.

‘ तजिह कोटि वैरी सम यद्यपि परम स्नेही । ’

ઘણા મિત્રો કર્યા પણ જેણે એક સાથે દિલ જોડી દીધું એ ધન્ય થઇ ગયો. નિજ સ્વરૂપ સાથે દિલ બાંધવાનું છે. આ 'એક' કોઈ આકાશ પાતાળમાં નથી બેઠો તેની સાથે દિલ જોડવા માટે ટેલિફોનના કોઇ થાંભલા નથી નાખવાના, તાર નથી જોડવાના. એ 'એક' તો તમારું આત્મસ્વરૂપ છે. એ 'એક' તમે જ છો. નકામા સંકોચાઇ રહ્યા છો. 'આ મળશે તો સુખી થઈશ, તે મળશે તો સુખી થઇશ...' અરે! બધું મળી જાય તોય ઠીક છે અને બધું ચાલ્યું જાય તોય ઠીક છે. છેવટે તો આ સંસાર એક સ્વપ્ન માત્ર છે. પસાર થવા દો એ સ્વપ્નને. થઈ થઈને શું થશે? ચિંતાના પોટલા ઘણાં ઉપાડ્યાં. હવે નિશ્ચિંત થઇ જાઓ. સાધનામાં લાગી જાઓ. નિજ સ્વરૂપમાં જાગી જાઓ.

ન્યાયાધીશ કોર્ટમાં ઝાડુ મારવા થોડા જ જાય છે? વાદી-પ્રતિવાદીને, અસલી-નકલીને બોલવવા થોડા જ જાય છે? એ કોર્ટમાં આવીને વિરાજમાન થાય છે પોતાની ખુરશીએ. બાકીના બધાં કામ પોતાની મેળે થવા લાગે છે. ન્યાયાધીશ પોતાની ખુરશી છોડીને પાણી ભરવા લાગી જાય, ઝાડુ મારવા બેસી જાય, વાદી-પ્રતિવાદીને પોકારવા લાગી જાય તો એ શું ન્યાય કરવાનો હતો? તમે ન્યાયાધીશોના પણ ન્યાયાધીશ છો. પોતાની આત્મખુરશી ઉપર બેસી જાઓ. આત્મચૈતન્યમાં જાગી જાઓ. નાની મોટી પૂજાઓ ઘણી કરી. હવે આત્મપૂજામાં આવી જાઓ, આત્મનિષ્ઠામાં લાગી જાઓ.

તમે પોતાના મહિમામાં આવો. તમે કેટલા મહાન છો! ઇન્દ્રપદ તમારી આગળ તુચ્છ છે. છતાં પણ સંકોચાઈ રહ્યા છો? ધક્કામુક્કી કરી રહ્યા છો? 'દયા કરી દો... જરાક



પ્રમોશન આપી દો...અવલ કારકુનમાંથી મામલતદાર બનાવી દો...મામલતદારમાંથી કલેકટર બનાવી દો... કલેકટરમાંથી સચિવ બનાવી દો...' પરંતુ જેઓ તમને બનાવશે એ તમારાથી મોટા બની જશે. તમે એમની આગળ નાના જ રહી જશો. બનનાર વસ્તુ કરતાં બનાવનાર મોટો હોય છે. પોતાનાથી કોઈકને મોટા રાખશો? મડદાંને શું મોટા રાખવાં? પોતાના આત્માને જ સૌથી મોટો જાણી લો, પાગલ! એટલે સુધી કે તમે ઇન્દ્રને પણ તમારાથી મોટા ન માનો. એક એવી અવસ્થા આવે છે કે જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ આપણાથી મોટા નથી હોતા. એ છે આત્મસાક્ષાત્કાર. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ તત્ત્વ-વેત્તાને આલિંગન આપીને મળે છે કે વાહ! આ જીવ હવે શિવસ્વરૂપ થયો. આવા જ્ઞાનમાં જાગવા માટે તમારો માનવજન્મ થયો છે...અને તમે સંકોચાઇ રહ્યા છો?

તત્ત્વવેત્તાઓની વાણીથી જેઓ દૂર છે તેમને સંસારમાં ભટકવું જ પડશે. જન્મ-મરણ સ્વીકારવાં જ પડશે જ્યાં સુધી તત્ત્વજ્ઞાન ન થાય ત્યાં સુધી તમે કરી કરીને કેટલી સાધના કરશો? નરસિંહ મહેતા ઠીક જ કહે છે:

'આત્મતત્ત્વ ચીન્યા વિના સાધના સર્વ જૂઠી...'

તમારાં તમામ પુણ્યો, કર્મો, ધર્માચરણોનું એ ફળ જ છે કે કોઈ તત્ત્વવેત્તાનો સંપર્ક થઈ જાય. એકવાર જે પરમ પવિત્રતાને ઉપલબ્ધ થઈ જાય એને શું થાય? લોખંડનો ટુકડો માટીમાં પડ્યો હોય તો કાટ ચડે. એ ધોઈને સંભાળીને કબાટમાં મૂકો તો ત્યાંય એને કાટ ચડાવશે. એ લોખંડના ટુકડાને પારસમણિનો સ્પર્શ કરાવી દો, એક-વાર સોનું બનાવી દો, પછી ભલે તેને કબાટમાં રાખો કે

કાદવમાં ફેંકી દો, એને કાટ નહિ ચડે.

આજ પ્રમાણે તમારા મનને એકવાર સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી દો, પછી ભલે તેને સમાધિમાં બેસાડો, પવિત્રતામાં બેસાડો કે નરકમાં લઈ જાઓ. એ જ્યાં હશે ત્યાં નિજ સ્વરૂપમાં પૂર્ણ હશે. એમને જ જ્ઞાની કહેવાય. આવું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ભલે રિદ્ધિ સિદ્ધિ આવી જાય, મડદાંને ફૂંક મારીને ઊભું કરવાની શક્તિ આવી જાય, તોય આત્મજ્ઞાન આગળ એ વ્યર્થ છે. વાક્‌સિદ્ધિ કે સંકલ્પસિદ્ધિ એ કોઇ આખરી મંજીલ નથી. જ્ઞાનનું એ ફળ નથી. સાધનામાર્ગ વચ્ચેનો એક પડાવ હોઇ શકે છે. જ્ઞાનનું ફળ તો એ છે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ તમને જોઈને ગદ્‌ગદ્ થઇ જાય કે વાહ! આજે આ જીવ શિવસ્વરૂપ થયો.

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



## અભિનવ જીવન

ધર ભાવના એવી હૃદયમાં : અખૂટ શક્તિમાન છું!
ઈશ્વર પછી છે સ્થાન જેનું, મનુષ્ય મૂર્તિમાન છું!
મુજ સંસારના સંજોગનો આ, હું જ સ્વામી એક છું!
ઉન્નત તથા અવનત સકળનું, હું જ કારણ એક છું!
—આ ભાવથી પ્રેરાઈ સંશુદ્ધિ સદા પ્રસરાવજે!
અસત્—અવનત કર્મને બંધન ગણી ઠુકરાવજે!
વિવેક ને સંયમ વડે ગુણ-ભાવના વિસ્તારજે!
વ્યવહારને 'પરમાર્થ'નું સાધન બનાવી જાણજે!
પાય પૃથ્વી પર ભલે, પણ શીશ ઉન્નત રાખજે!
તું 'ઈશનું સંતાન' છે! ગૌરવ–ગરિમા ધારજે!
'હું દેહ ના! હું આત્મ છું!'—મહામંત્ર એ ઉચ્ચારજે!
દૃષ્ટિ પરિવર્તન વડે અભિનવ જીવન મ્હોરાવજે!

—રતિલાલ ભાવસાર

## ઉઘાડ !

અંતરના આગળા ઉઘાડ રે !
અંદર દર્શન તો થાશે.-ધ્રુવ

દર્શન તો થાશે જગના આધારનાં,
જીવાત્મને તો પરમાત્મદ્વારનાં :
નજર ત્હારી તું ઊંડી માંડ રે !
અંદર દર્શન તો થાશે–અંતરના૦

ઊઘડચે દ્વાર તને અચંબો થાશે,
અદ્ભુત દેખાવ ન તવ નયને સમાશે :
તું અવિદ્યા–અંધાર છાંડ રે !
અંદર દર્શન તો થાશે–અંતરના૦

જીવજીવ વચ્ચે ને જીવશિવ વચ્ચે
અંતર ઓગળતાં ન લટકે અધ વચ્ચે :
તને ખેંચે સંસારની શું ખાંડ રે !
અંદર દર્શન તો થાશે–અંતરના૦

અંદરને બ્હાર બધે અજવાશ થાશે,
આગળ તું વધ ભલા, હોંશે ને હોંશે;
થશે વિરાટ્ બ્રહ્મનો ઉઘાડ રે !
અંદર દર્શન તો થાશે–અંતરના૦

ડો. અશ્વિનભાઈ ડી. પટેલ

—✻—



# એક સાધકના યોગાનુભવમાંથી

પુષ્કર ચંદરવાકર

( ગતાંકથી ચાલુ )

પણ ઈ. સ. ૧૯૬૦ માં નોકરી મળી, સાથો સાથ શૈવધર્મ વિશે મહાનિબંધ લખવાની પૂર્વ તૈયારીમાં વૈદિક વાઙ્ગમય, શૈવધર્મ, શાક્તધર્મ, તાંત્રમાર્ગ-Tantrism, ઇત્યાદિનો ડો. અમીનને ઝીણવટથી અભ્યાસ કરવો પડ્યો, જેથી રજોટાઈ ગયેલ ધાર્મિક સંસ્કારો પુનઃ જાગૃત થયા, અને યોગ–જીવનનો ઉષઃકાળ પ્રારંભાયો, લગભગ ઈ. સ. ૧૯૬૧–૬૨ માં.

ડો. અમીને મહાયોગી ગુરુ–દત્તાત્રય જેમ ઠીક સંખ્યામાં ગુરુઓ નિરધાર્યા છે, જેમાં સોળ યોગીના ને સાધકોનાં નામો તેમની નોંધ આધારે આપી શકાય તેમ છે. ખંભાતના વસવાટના કારણે જ ડો. અમીનમાં ગામઠી સંતો જે જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન અને યોગ બી વવાયાં હતાં, પડેલ હતાં, તેનું સિંચન ખંભાતે કર્યું છે તે તેમના અધ્યાત્મ જીવન પર દૃષ્ટિ ફેંકતાં સ્પષ્ટપણે નજરે આવે છે. તેઓ લગભગ સોળ ગુરુઓ પાસેથી યોગ, પ્રાણાયામ અને અધ્યાત્મ વિદ્યાને પામ્યા છે. તેમાં પાંચ તો એકલા ખંભાતના છે. ડો. અમીનની ‘ જ્ઞાન ’ શોધ તીવ્રપણે જાગૃત થાય છે. ઇ. સ. ૧૯૬૨ ના ગાળામાં ને તે તૃષાને છીપાવનાર પ્રારંભમાં છે, ખંભાતના સંત પુરુષો, યોગીઓ અને સ્વામીઓ.

પણ અધ્યાત્મના, જિજ્ઞાસુ જીવાત્માના માર્ગ પર જ્યારે સંસારી વિહરવા નીકળે પછી તે તે યાત્રાનો અંત તો તે ‘ બ્રહ્મલીન ’ થાય ત્યારે જ આવે છે. દેહભાવ છૂટ્યા પછી

આત્મભાવને પામે-પ્રાપ્ત કરે, તે સમયગાળો કોઇપણ મુમુક્ષુ માટે સાધનાકાળનો હોય છે. ડો. અમીનમાં જ્ઞાનની તરસ ઉઘડી ને તેઓએ તે માર્ગ પર સભાનપણે ને જાગૃતપણે વિહરવાનું શરૂ કર્યું. આ ભ્રમણ અધ્યાત્મની પ્રાપ્તિ માટેનું હતું ને તે સમજવા, સાધક તરીકે ડો. અમીન અભ્યાસી હોવાના કારણે તેઓ સંત સ્વામી " શ્રી સદાશિવ " મહારાજ પાસે દીક્ષા લેવા ગયા, મોટેરામાં પણ આ શિક્ષિત સંસારી જ્ઞાન પ્રાપ્ત કરીને બૌદ્ધિક દશાને પ્રાપ્ત જિજ્ઞાસુ હોવાથી ડો. અમીન પૂ. શ્રી અરવિંદ તરફ આકર્ષાયા; સને ૧૯૬૪ માં મહર્ષિ અરવિંદનું ' યોગ સાધનાના પાયા ' ( Bases of yoga ) પુસ્તકનું તેમણે વારંવાર વાંચન, પરિશિલન કરેલું જેમાંથી એમનું આ દિશાનું આકર્ષણ વધેલું અને સ્વામી " શ્રી સદાશિવે " એમાં વારિસિંચન કરેલું; તેઓ અરવિંદ આશ્રમમાં સમીપમાં એક અઠવાડિયું મહર્ષિ અરવિંદની સમાધિ આગળ ધ્યાનસ્થ દશામાં બેસી રહ્યા પછી ત્યાંથી પાછા ફરતાં મુંબઈ પાસેના ગણેશપુરીમાં પરમહંસ સ્વામી મુક્તાનંદજી પાસે આવ્યા. ત્યાં તેમને યોગ્ય આવકાર મળ્યો ને શિષ્યભાવે તેમણે સ્વામીજીને આરાધ્યા. ડો. અમીનના યોગજીવનનો ખરેખરો પ્રારંભ ઇ. સ. ૧૯૬૫ થી થાય છે.

ત્યાર પછી અમદાવાદ નજીક ઓઢવ આશ્રમના અને કલોલમાં સ્થિર થયેલ સંત પ્રણવરામજી સ્વામી, બંધવક્તા પૂ. શ્રી મધુસૂદન મહારાજ, કારવણમાં કૃપાલાનંદજી વગેરે પાસેથી ડો. અમીને યોગ પ્રક્રિયાનું વ્યવહારૂ જ્ઞાન (Practical Knowledge ) ધ્યાનમાં બેસી લીધું.

ડો. અમીનનો જિજ્ઞાસુ સાધક ગોવાના જંગલો, ગિરના જંગલો ને આબુની ગિરિમાળામાં વસતા અનેક સંતો, સાધુઓ અને સ્વામીજીઓના સમાગમ અને પરિચયમાં આવ્યો. ડો. અમીન મધુ-મક્ષી જેવા સ્વભાવના હોવાથી તેમણે આ સંતો પાસેથી તેમના યોગાભ્યાસ માટે કાંઇને કાંઇ અધ્યાત્મ જ્ઞાન મેળવ્યું જે સાધક અમીનને આજે ભવનું ભાથું બન્યું છે. આમાં છે સાસણ ગિરમાં વસતા ' ચિત્રોડ ' આશ્રમવાસી સ્વામી શ્રી ઓમકારાનંદજી, નડિઆદમાં નદી તટે ' મૌનાશ્રમ ' બાંધીને વસેલ પૂ. શ્રી મોટા, સાબરમતીમાં આશ્રમ બાંધી રહેલા સ્વામી " શ્રી સદાશિવ " મુખ્ય મુખ્ય છે.



આધ્યાત્મ અને યોગમાર્ગના અભ્યાસુ અને જિજ્ઞાસુને પ્રેરણા આપે ને માર્ગદર્શન આપે તેવા ડો. અમીનની વિશિષ્ટ અને વિચિત્ર પ્રકારની અનુભૂતિઓ પણ નોંધનીય છે, જે યોગમાર્ગના અભ્યાસુને સતત્ પ્રેરે અને માર્ગ બતાવે. ભલે આજે ડો. અમીન પૂ. દાદા સાહેબ જેવા સંસારી સાધક દીસે. તેવું ભારતભૂમિમાં બનતું આવ્યું છે, ભારતીય પરંપરા છે. મિથિલાના જનકો તેમની જાતને ' વિદેહી ' જ કહેવડાવતા હતા ને ! ડો. અમીનની અનુભૂતિઓ જીવાત્માને વિચિત્ર અને વિશિષ્ટ પ્રકારની દીસશે, જો કે આ બધી અનુભુતિઓને પ્રાપ્ત કરવા ડો. અમીને ઘણુ કષ્ટ-સંસારીઓ અને દેહભાવ અનુભવતા જીવોની દૃષ્ટિએ-ઉઠાવ્યું છે. અરે! થોડા વખત માટે તેમનામાં સન્યસ્તભાવ રમવા લાગ્યો હતો અને ઓઢવ આશ્રમ તેમજ કારવણમાં સન્યસ્ત જીવન ગાળવા માટે તૈયારી કરી દીધી હતી. તેમને સન્યસ્તની દીક્ષા મળી ગઈ હતી. પણ નોંધે છે કે, ' આમ કેટલીકવાર બન્યું', પણ ખંભાતની ભૂમિ જોડેનું લેણદેણ કાંઇ જુદું જ હોય, શાશ્વત હોય તેવું ભાસે છે. ' તેથી તેઓ આજે ખંભાતમાં કુટુંબ સાથે રહીને-પત્ની, પુત્રી, પુત્ર-પુત્રવધુને માતા-પિતા-સાધક તરીકે જનક વિદેહી જેવું જીવન ગાળે છે.

વિદેહી ? હા... ડૉ. અમીનના યોગ અને અધ્યાત્માનુભૂતિમાંથી તેવું જરૂર તારવી શકાય, તેમાં વિશિષ્ટ પ્રકારના તેમના અનુભવો છે, ગણેશપુરી–મુંબઈ નજીકના મુક્તાનંદબાબાના આશ્રમ અંગે તેઓ નોંધે છે કે, " એકવાર ધ્યાનમાંથી ઊઠ્યો ને એકાએક નવી જ પણ અદ્‌ભૂત અનુભૂતિ થઈ. તે વખતે ધ્યાનસ્થ અવસ્થામાં પદ્માસન વાળેલી સ્થિતિમાં જ સૂઈ જતો. તે વખતે કુંભકમાં રહેતો. થોડો વખત સૂઈ રહ્યો હોઉં અને એકદમ શરીરમાં ઝણઝણાટી થઈ. સુખદ સંવેદનો સાથે એકાએક શરીરમાં હળવો આંચકો આવે અને આખું શરીર જાણે કે ઉપર ઉઠતું હોય. ઉડતું હોય તેવું સ્પષ્ટ અનુભવાય. તેને સ્પષ્ટપણે જોઈ શકીએ જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયજન્ય અનુભવોના જેવો જ આ નક્કર અનુભવ હોય છે. અલબત્ત આ સ્થિતિમાં, સૂક્ષ્મ શરીર પથારીમાં પડેલ સ્થૂલ શરીરમાંથી છૂટું થઈ જાય અને એ સૂક્ષ્મ હોવાથી ઉપર ઉર્ધ્વગમન–ઉર્ધ્વવિહાર કરે છે."

" પણ આરંભના તબક્કામાં સાધકને એવું લાગે કે આખું શરીર ઉપર જઈ રહ્યું છે. ખરેખર, એ સંવેદનો એટલા બધા આનંદપ્રદ હોય છે કે જેની કલ્પના કરવી મુશ્કેલ છે. સૂક્ષ્મ શરીર છૂટું પડે, ઉપર ઊઠે, મકાનની છતને ભેદીને ઉપર ઉડે, આકાશમંડળમાં વિહાર કરે. તીવ્ર ગતિએ ઉડ્ડયન થાય, મોટા ગીચ જંગલો હોય, તેના ઉપર ઊડતું અનુભવાય, આકાશમાં સિદ્ધો, સંતો અને મહાત્માઓનાં વૃંદોમાં તેને વિહાર કરતું અનુભવાય. કોઈકવાર એકદમ ઊંડી ઊંડી ગુફાઓમાં, ગિરિકંદરાઓમાં, વિચરતું દેખાય. તે વખતના સંવેદનો દિવ્ય હોય છે." (ક્રમશઃ)

—*—



# અંતિમ ક્ષણોમાં નામસ્મરણ

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ

" હમણાં તો પ્રોફેસરોની હડતાલ ચાલે છે ને, પપ્પા ?"

" હા, પણ તેનું શું છે ?"

" તો તમે ને મમ્મી બે દિવસ જઈ આવોને શ્રીનાથજી."

" એ તો આપણે દિવાળીની રજાઓમાં જવાનાં જ છીએ. ત્યાં ખાસ્સા ૫–૬ દિવસ રહીશું."

" ના, તમે બંને હમણાં જઈ આવો. હું અને ભાઈ અહીં વાંચીશું."

" પણ કેમ ?"

" હું દિવાળીમાં નહિ આવી શકું."

૧૬ાા વર્ષની શ્રુતિ તેજસ્વિની વિદ્યાર્થીની હતી. તે ૧૨ મા ધોરણમાં વિજ્ઞાન–ગણિતના પ્રવાહમાં ભણતી હતી. સમગ્ર બોર્ડમાં નહીં તો નિદાન વડોદરા શહેરમાં ઉત્કૃષ્ટ ગુણાંક મેળવીને સારો ક્રમાંક પ્રાપ્ત કરવાની અને પછીથી મેડિકલમાં પ્રવેશ મેળવવાની તેની ઉત્કટ અભિલાષા હતી. અને તે માટે તે રાતદિન અભ્યાસમગ્ન રહેતી હતી. આથી દીકરીએ ઉપર પ્રમાણે 'હું દિવાળીમાં નહીં આવી શકું' એવું કહ્યું ત્યારે વત્સલ માતાપિતાએ એમ માની લીધું કે અભ્યાસના ૫–૬ દિવસો ન બગડે તે હેતુથી તેણે દિવાળીમાં યાત્રામાં સાથે આવવાની પોતાની અશક્તિ પ્રગટ કરી હશે. તેમણે મન મનાવ્યું.

પરંતુ આ પ્રકારના સ્વાભાવિક નીકળતા ઉદ્‌ગારો કેટલીકવાર કેવું વાસ્તવરૂપ ધારણ કરતા હોય છે એનો મર્મ–સંકેત એ ઉદ્‌ગારો શ્રવણ કરનારને પાછળથી સમજાય છે !

સરળ સ્વભાવની સાવ સાજી-નરવી અને પ્રસન્ન પ્રકૃતિની સુપુત્રીએ, ઓગષ્ટ '૮૭ ના છેલ્લા દિવસોમાં, ત્રણેક દિવસ માટે શ્રીનાથજીની યાત્રાએ જવા માટે માતાપિતાને જવા પ્રેર્યાં-ધકેલ્યાં. જતી વખતે તેણે કહ્યું.

"મમ્મી! ત્યાંથી આપણા ઠાકોરજી માટે નવા વાઘા લેતી આવજે." માતા અને પુત્રી રોજ સવારે વૈષ્ણવ પદ્ધતિની સેવા કરતાં હતાં.

"અને તારે માટે નવા ચણિયા-ચોળી પણ." નવરાત્રિનો તથા ગરબા-નિષ્ણાત દીકરીના શોખનો ખ્યાલ રાખીને માએ મમરો મૂકયો.

"ના, આ વખતે હું ગરબા ગાવા જવાની નથી, હોં!"

× × ×

૧૦-૧૨ દિવસમાં જ કરુણ ખેલ કેવો ખેલાઈ ગયો તેને હું માત્ર ૫-૬ વાકયોમાં જ જણાવીશ.

સપ્ટેમ્બર '૮૭ ના બીજા પખવાડિયામાં શરૂ થયેલો સામાન્ય તાવ વંકાતા શ્રુતિને નિદાન-ટેસ્ટ વગેરે માટે પ્રથમ દોઢ દિવસ એક ખાનગી કલીનીકમાં અને પછી તા. ૨૩ ની બપોરે વડોદરાની અદ્યતન સાધનોથી સુસજ્જ એક સર્વોત્કૃષ્ટ હોસ્પિટલમાં 'ઇન્ટેન્સિવ કેર યુનિટ'માં દાખલ કરવામાં આવી. છેલ્લે એવું નિદાન નીકળ્યું કે (આફ્રિકાથી?) હમણાં નવો આયાત થયેલ 'પી ફોલ્સી ફેરમ' નામના ભંયકર મેલેરિયાએ ખૂબ ઝડપથી શ્રુતિના શરીરમાંના રક્ત-કણો-હીમોગ્લોબિન્સને (૧૪ થી ઘટાડી) ૪ સુધી ઘટાડી દીધું હતું. પરિણામે લોહી-ગ્લુકોઝ-પ્રાણવાયુ સહુની સન્નિષ્ઠ ડોકટરોની સઘળી સેવા-સારવાર છતાં શ્રુતિના આત્માએ તા. ૨૫-૯-૮૭ ની રાતે ૮ વાગે ઇષ્ટ નામસ્મરણો સહ



દેહત્યાગ કર્યો.

× × ×

બસ, વાત તો આટલી જ છે. ઉઘડતી વસંતમાં પાનખરે તેનો ભાગ ભજવ્યો. માતાપિતાએ પ્રેમાળ પુત્રી અને પોણા બે વર્ષ મોટા ભાઈએ એકની એક બહેન ગુમાવી. પરંતુ આ કરુણ વ્યતિકર સાથે, અધ્યાત્મના ઉપાસકોને વિચારવાનું પ્રાપ્ત થાય એવી પણ બાબતો સંકળાયેલી-કે જે માટે તેના દાદાને અશ્રુભીની આંખે આ લેખ લખવો પડ્યો છે.

વિવિધ શાસ્ત્રોમાં અને સંત મહાત્માઓના પ્રવચનોમાં કે પુસ્તકોમાં 'જીવનની અંતિમ ઘડી' વિષે ખૂબ ખૂબ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ગીતામાં તો ભગવાને ચોખ્ખું જ કહી દીધું છે કે, જે મનુષ્ય મારું સ્મરણ કરતો કરતો દેહત્યાગ કરે છે તે મને જ પામે છે. તાત્પર્ય કે તે જીવાત્માની સદ્‌ગતિ તો સુનિશ્ચિત છે જ, પણ એનાં પાપપુણ્યોનો હિસાબ કરવાનું પ્રભુને શિરે છે.

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥८-५॥

ભગવાન તેમના આ વચનને પુટ આપતા હોય તેમ છેલ્લે ઉમેરે છે કે 'હે અર્જુન, આ બાબત તું શંકા ધરીશ નહીં.'

વળી આપણને એ ભાવ કે વિચારના ઉલ્લેખો ઘણે સ્થળે મળી આવે છે કે अन्ते मतिः सा गतिः । આખરની ક્ષણોમાં મનુષ્યનું મન જેમાં પરોવાયેલું રહે છે તેમાં તે અટવાય છે, મૂંઝાય છે. તેનું સમુચિત સમાધાન ન થાય ત્યાં સુધી તેને દેહનો ત્યાગ કરતાં અત્યંત કષ્ટ થાય છે.

મોટે ભાગે સંસારમાં રચ્યાપચ્યા રહેનારા વિષયાધીન જીવન ગાળનારા સામાન્ય (Average) મનુષ્યોની-મૃત્યુ-

શય્યા પર હોય ત્યારે–આખર અવસ્થામાં ત્રણ પ્રકારની પરિસ્થિતિ હોય છે.

(૧) ભૌતિક દૃષ્ટિએ તે બધી રીતે સુખસંપન્ન હોય પણ સુદૃઢ આસક્તિને લીધે આ સઘળી સ્હાયબી ( માત્ર આર્થિક સંપત્તિની જ નહીં, સત્તા-કીર્તિ વગેરેની ) છોડવી ગમતી નથી, અથવા તે સ્હેલાઇથી છૂટી શકતી નથી. તેમાંનું કશું ય સાથે આવવાનું નથી એવું તે સ્પષ્ટપણે જાણે છે તો પણ.

(૨) પોતાના પરિવારના કોઇ સભ્ય કે સભ્યો સંબંધીની ચિંતા તેની અંતિમ ઘડીને દૂષિત કરે છે. મારા ગયા પછી-મારી ગેરહાજરીમાં–આનું શું થશે એ ચિંતા જ એના ચિત્તને કોરી ખાય છે. પુત્રી પરણાવવાની બાકી હોય, કોઇ સંતાન રોગગ્રસ્ત કે માનસિક રીતે મંદ હોય, વ્યાપારધંધામાં કોઇ આર્થિક ઉથલપાથલ કે ગેરઆબરૂનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય. એવી એવી અનેકવિધ સાંસારિક સમસ્યાઓ તેને શાંતિપૂર્વક મરવા દેતી નથી. આવી મનઃસ્થિતિમાં તેને ઇષ્ટ નામસ્મરણ કરવાનું ન સૂઝે, અથવા એવું ધાર્મિક વાતાવરણ –કૃત્રિમ રીતે–સર્જવામાં આવ્યું હોય તો પણ તે તેમાં સહેલાઇથી અને સંપૂર્ણપણે–સહભાગી બની ન શકે એ તદ્દન સ્વાભાવિક છે.

(૩) દર્દી તદ્દન મૂર્છાવસ્થામાં હોય ત્યારે તો કોઇ પ્રશ્ન જ રહેતો નથી.

ભાગવત અને અન્ય પુરાણોમાં અજામિલ, ( જડ ) ભરત વગેરેનાં કેટલાંક કથાનકો આવે છે તેની ચર્ચા અત્રે કરવી નથી. પરંતુ એક વાત દીવા જેવી સ્પષ્ટ અને સત્ય જણાય છે કે–

(૧) આખી જિન્દગી દરમ્યાન જેમણે ધર્મક્રિયાઓ, સ્તોત્રપાઠ, અનુષ્ઠાન, પૂજાપાઠ, દેવદર્શન, તીર્થયાત્રા, સંત-સમાગમ-વગેરે પુષ્કળ પ્રમાણમાં કર્યાં હોય.



(૨) જે વાચસ્પતિ વિદ્વાન હોય અને જેણે ધર્મતત્ત્વજ્ઞાન વિષયક સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં હોય.

(૩) જેમના માર્ગદર્શન નીચે ઘણાં જ્ઞાનસત્રો, સ્વાધ્યાય શિબિરો, સપ્તાહો થયાં હોય, અને જેમની વાણી કે ઉપદેશ સાંભળીને સેંકડો મનુષ્યોનાં જીવનમાં પરિવર્તન આવ્યું હોય.

(૪) જે કોઇ વિખ્યાત ધર્મસંપ્રદાય કે સંસ્થાના નેતા, અગ્રણી કે પ્રચારક હોઇ ધર્મોપદેશ કરતા હોય તથા પોતે પણ ધર્મશાસ્ત્રોદ્વારા નિર્દિષ્ટ વિધિનિષેધના ચુસ્ત પાલનપૂર્વક નિર્મળ ધર્મમય જીવન ગાળવાનો સજાગપણે સંપૂર્ણ પ્રયત્ન કરતા હોય, અથવા

(૫) જે સંન્યાસી હોય, મઠ-આશ્રમમાં કે હિમાલય-કૈલાસ જેવાં સાંસારિક વાતાવરણથી મુક્ત એકાન્ત સ્થાનોમાં જ રહી સાધના–તપ-સ્વાધ્યાય કરતા હોય.

ઉપર જણાવેલ પ્રકારની સંમાનનીય વ્યક્તિઓ–વિભૂતિ-ઓ માટે પણ [ થોડાક અપવાદ સિવાય ] કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ છે અથવા તેમને પોતાને પણ સોએ સો ટકા એવી ખાતરી ( ખાલી વિશ્વાસ નહીં ) છે કે જીવનની અંતિમ ક્ષણે તેમના મનમાં અને મુખમાં ઇષ્ટ નામસ્મરણ–ઉચ્ચાર કે ઇષ્ટસ્વરૂપનું દર્શન–ચિન્તન હશે જ ?

અહીં જ ઇષ્ટકૃપા અને ગુરુકૃપાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જે મુદ્દાને સર્વ શાસ્ત્રોએ તથા મહર્ષિ અરવિંદ સુધીના તમામ તત્ત્વચિન્તકોએ ખૂબ મહત્ત્વ આપ્યું છે.

જેની ઘટનાને લીધે આ પ્રશ્નની મેં આટલી ચર્ચા કરી છે તે ચિ. શ્રુતિ પરની પ્રભુકૃપા વિષે હવે હું ટૂંકમાં આ-લેખન કરીશ. એ દિવંગત છતાં એને મેં ચિ. ( ચિરંજીવ ) કહી છે એ આ અન્તિમ વ્યતિકર સાથે સુસંગત છે.

દેહદૃષ્ટિએ વિચારતાં ચિ. શ્રુતિ મારી પૌત્રી ( મારા પુત્ર પ્રો. લવકુમારની સુપુત્રી ) હતી. ઉપર જણાવ્યા મુજબ તા. ૨૪ અને ૨૫ તેના અન્તિમ બે દિવસના હોસ્પિટલનિવાસ દરમ્યાન તેના તેજસ્વી આત્માએ નીચેના દિવ્યતાદ્યોતક લક્ષણો વ્યક્ત કર્યાં હતાં.

(૧) દૈહિક યાતના તો હતી ( હોય જ ), ખાસ કરીને લીવર-પેટની તથા લોહી ઊડી જવાને લીધે આવેલ અશક્તિની. છતાં તેની આંખોમાં આંસુ કે ચહેરા પર સ્હેજ પણ ખિન્નતા કોઇને-ડોકટરોને પણ-જોવા મળી ન હતી; એટલું જ નહીં પણ સામાન્ય રીતે દર્દીઓના મુખમાંથી નીકળે છે એવો ( ઓ બાપરે, હાય-જેવો ) વેદનાનો ચિત્કાર નીકળતો કોઇએ સાંભળ્યો નથી. ડોકટર-નર્સને કે પાસે રહી તેની સંભાળ રાખનાર સ્વજનને શરીર સંબંધી જે હકીકત હોય તેનું સ્વાભાવિક રીતનું માત્ર કથન કરે એટલું જ. પણ તેમાં ફરિયાદનો સૂર ના હોય.

(૨) બૌદ્ધિક સ્મૃતિ છેક સુધી સતેજ. મળવા આવનાર દરેક વ્યક્તિને નામ દઇને બોલાવે.

(૩) પણ દરેકને—પછી તે સ્વજન, સંબંધી, સહેલી હોય, ડોકટર નર્સ કે કોઇ અધિકારી હોય, સમવયસ્ક હોય કે મોટી ઉંમરના વડીલ હોય—દરેકને તે સસ્મિત મુખથી બેમાંથી એક વાત કરતી.

(અ) મને નિંદર આવે છે. જય શ્રીકૃષ્ણ.

(બ) જય શ્રીકૃષ્ણ.

અને સામી વ્યકિત ‘ જય શ્રીકૃષ્ણ કહીને પ્રતિસાદ ન આપે ત્યાં સુધી તે ‘ જય શ્રીકૃષ્ણ ’નું પુનરુચ્ચારણ કર્યા કરતી. આમ સામી વ્યક્તિને ફરજિયાત ‘ જય શ્રીકૃષ્ણ ’



બોલવું પડતું.

કહેવાનું તાત્પર્ય કે તા. ૨૫-૯-૮૭ ની રાતે ૮ વાગે છેલ્લો શ્વાસ છોડ્યો તેની ૮-૧૦ મિનિટના પૂર્વેના સમય ( ૭-૫૦ ) સુધી ચિ. શ્રુતિનો આત્મા નિરંતર જાગૃતિમાં હતો. તે મૂર્ચ્છામાં ન હતી. તેણે સેંકડો વખત ‘ જય શ્રીકૃષ્ણ ’નો ઉચ્ચાર કર્યો અને લગભગ તેટલી જ વખત ‘ જય શ્રીકૃષ્ણ ’નું શ્રવણ કર્યું. કેટલીક વાર તો તે ‘ શ્રીકૃષ્ણ શરણં મમ ’ એ અષ્ટાક્ષર મંત્ર બોલતી.

આને ઇષ્ટ-ગુરુની સવિશેષ કૃપા કહેવી ?

કે કર્મના અચલ કાયદાને અનુસરનારી પુણ્યોદય-નિયતિની પરિણતિ ગણવી ?

કે ઉભયનો સુભગ સંગમ !

બીજી વિલક્ષણતા એ હતી કે જ્યારે કોઇની સાથે બોલવાનું ન હોય, ને જાગતી હોય ત્યારે ઘણી વખત—માંદગીમાં પણ મરક મરક થતા-એના હોઠ ફરક ફરક જણાતા હતા. તેને પૂછવામાં આવતું ત્યારે તે કહેતી કે.

“ नमामि यमुनामहं....(યમુનાષ્ટક)નો પાઠ કરું છું. ”

વળી, આત્માની ચિરવિદાય વેળાની આ ઘટનાને દિવ્યતાનો ઓપ આપે એવી એક નાનકડી બીજી ઘટના મૃત્યુદિને બપોરે બની ગઇ. તેની જોડેના વોર્ડમાં પચીસ ડગલાં જ દૂર સૂતેલા એક ગાયત્રીભક્ત ‘ કાકા ’ માટે તેમના સ્વજનોએ ઘેરથી ગંગાજળ મંગાવ્યું હતું. કેવો યોગાનુયોગ કે મરણાસન્ન શ્રુતિએ પણ પવિત્ર ગંગાજળનું પાન કર્યું અને શરીરના કેટલાક ભાગ પર લગાડયું.

આમ તો શ્રુતિ વિદ્યાર્થીની તરીકે સરસ્વતીની સેવિકા

હતી. તે રોજ શ્રીમન્નૃ સિંહાચાર્યજી રચિત 'ભારતી સ્તોત્ર' મ્હોંઢે બોલતી જ હતી. આજે જિન્દગીના અન્તિમ દિને ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમથી તેણે તેના સમગ્રને-સ્વને-પ્રભુને સમર્પિત યોગ્ય પવિત્ર બનાવ્યો. તે 'નિવેદિતા' બની.

કુટુંબના અને તેના સંપર્કમાં આવેલા સ્વજનો-મિત્રોએ લખેલાં અનેક આશ્વાસનપત્રોમાં શ્રુતિએ નાની વયમાં મેળવેલી વિદ્યાકીય અને કલા-સાંસ્કૃતિક સિદ્ધિઓને બિરદાવી છે. (જેમાં સંસ્કૃત-ગુજરાતીમાં વકતૃત્વ સ્પર્ધાઓમાં તથા ગરબા-નાટક-રેડિયો પર તેણે સંપ્રાપ્ત કરેલી નામના, ટ્રોફી-ચંદ્રકો ઉપરાંત તેના પરોપકાત્મક સ્વભાવનો સમાવેશ થાય છે.) તેમાં રાજકોટથી આવેલો એક પત્ર ઉલ્લેખનીય છે. પત્રલેખક શ્રી કૃષ્ણકાન્ત દલાલ નીચેનો ગીતાનો શ્લોક ટાંકે છે:–

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥२-२२॥

આ શ્લોકના સંદર્ભમાં તેઓ ગીતાકારને માર્મિક ઉપાલંભ આપે છે કે "...અલ્યા કૃષ્ણ! 'જીર્ણતા'ની તારી વ્યાખ્યા સ્પષ્ટ કરવાની મહેરબાની કરીશ? ૭૦-૮૦-૮૫ વર્ષ સુધી એક ધાર્યું પહેરી રાખનાર ડોસલાઓનું વસ્ત્ર હજુ જૂનું નથી થતું, અને તદ્દન તાજુ સ્વચ્છ માત્ર ૧૬-૧૭ વર્ષ સુધી નિર્દોષ રીતે પરિધાન કરેલું વસ્ત્ર જીર્ણ એટલે કે ત્યજવા-બદલવા યોગ્ય થઈ જાય છે આ કેવો તારો ન્યાય!"



આવો આક્રોશભર્યો પ્રશ્ન આજે આપણા દરેકના મનમાં ઊઠતો હોય છે, પણ ગીતાના ગાનાર તેનો જવાબ આપવાની જવાબદારી કદાપિ લેતા નથી. અથવા जातस्य हि ध्रुवो मृत्युः (૨-૨૭) તથા गहना कर्मणो गतिः (૪-૧૭) જેવા (અને અન્યત્ર આવેલા બીજા કેટલાય) તેના જવાબોને કોઈ પડકારી શકે તેમ નથી. અને તેથી આપણે એમ જ કહીને નરી વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ છીએ કે ईश्वरेच्छा बलियसि । પ્રભુને ગમ્યું તે ખરું.

પણ શું ખરેખર પ્રભુને આમ કરવું ગમતું હશે?

તેનો જવાબ શ્રુતિ જેવા જાગ્રત આત્માઓ પાસે કાંઈક આવો છે કે: પ્રભુને તો આમ કરવું ય ગમતું નથી ને તેમ કરવું ય ગમતું નથી. (નહીં તો તેના નિષ્પક્ષપાતીપણાને બાધ આવે.) પછી સર્વથા નિર્દોષ કુટસ્થ એવા પ્રભુને માથે દોષારોપણ કરવાની શી જરૂર!

આપણે તો ચિ. શ્રુતિની જેમ 'જય શ્રીકૃષ્ણ' જેવા મંત્રનું કે ઇષ્ટ-ગુરુના નામનું સ્મરણરટણ કરીને જ આવે પ્રસંગે (અને ત્યાર પછી પણ) ચિત્તમાં ઊઠતા શોકાંકુરો અને વિચાર વિકલ્પોનું શમન કરીએ.

તો બોલો 'જય શ્રીકૃષ્ણ, જય શ્રીકૃષ્ણ.'

# આંતર–બાહ્ય પ્રતિમાની દરકાર

ભાઇલાલભાઈ છાટબાર

## ( ' સ્વ '-વિસ્મૃતિ )

એક ઝેન કથા છે.

એક યુવા ઝેનભિક્ષુ યામાઓકા ટેસ્શુ દસ વર્ષ સુધી બૌદ્ધવિહારમાં રહી ચૂકયો હતો. હવે પરિવ્રાજક અવસ્થામાં તે એક પછી એક તત્કાલીન સુવિખ્યાત ઝેનપ્રબોધકોની મુલાકાત લેતો હતો.

તે સમયે શોકોકયુ શહેરના બૌદ્ધમઠમાં એક સુવિખ્યાત ઝેનપ્રબોધક ' ડોકયુઓન ' રહેતા હતા. માર્ગમાં યામાઓકાએ ડોકયુઓનની મુલાકાત લીધી. પોતાની પ્રાપ્તિને તેણે આ શબ્દોમાં વ્યક્ત કરીઃ

" મન, બુદ્ધ, લાગણીશીલ પ્રાણીઓ–કોઇનું અસ્તિત્વ નથી. સિદ્ધાંતનો ગર્ભસાર ' શૂન્યતા ' છે.

સાક્ષાત્કાર, માયાજગત, સંત–મહાત્માઓ કે સામાન્ય જન–પ્રવાહ જેવું કાંઈ નથી.

કાંઈ આપવાનું પણ નથી અને કાંઈ મેળવવાનું પણ નથી. " ડોકયુઓન શાંતિથી ચા પીતા રહ્યા અને કાંઈ બોલ્યા નહિ.

અચાનક જ ડોકયુઓને પાસે પડેલી વાંસની નળી ઉપાડીને યામાઓકાને ફટકારી યુવાનભિક્ષુ ક્રોધે ભરાઈ ગયો.

ડોકયુઓને પૂછયું, " કોઇ કાંઈ અસ્તિત્વ જ ધરાવતું નથી અને બધું શૂન્ય જ છે તો આ ક્રોધ કયાંથી આવ્યો ? તારી અસલી આંતરપ્રતિમાને પહેલાં સરખી કર અને પછી તારી નકલી બાહ્યપ્રતિમાનું પ્રદર્શન કર. "



યામાઓકા ઝેનને આત્મસાત્ નહતો કરી શકયો.

× × ×

મનુષ્યને સુષુપ્તિમાં જિવાડનાર અને મૂર્છામાં રાખનાર કોઈ મોટું બળ હોય તો તે તેની આંતરપ્રતિમાની સુરક્ષાની દરકાર છે. પ્રત્યેક મનુષ્યને પોતાની એક આંતરપ્રતિમા હોય છે–મતબલ કે મનુષ્યની પોતાની જાત પ્રત્યેની એકરૂપતા ( Identification ).

હરેક મનુષ્યમાં પોતાની વિશે પોતાનું સાચું ? કે મહદ્-અંશે કલ્પિત મનોચિત્ર હોય છે.

પોતાની આંતરપ્રતિમાને ઓપ આપી તેને અવનવી રીતે શણગારી મનુષ્ય તેને પોતાના પરિચય–વર્તુલમાં રજૂ કરવા તત્પર હોય છે.

રંગભૂમિરૂપી આ નાટ્યાત્મક દુનિયામાં પણ મનુષ્ય દિન-રાત સર્જનહારે સર્જેલ નાટકમાં, વળી પાછો પોતે પોતાનું આગવું સ્વ–સર્જિત પેટાનાટક ભજવતો ભજવતો જીવે છે.

મનુષ્ય આવો પાઠ ભજવતાં એમ માને છે કે તે પોતે પોતાને જેવી વેશભૂષામાં રજૂ કરે છે, તેને લોકો માની લેશે અને સ્વીકારી લેશે.

આવી પોતાની નાટકીય ઢબની બાહ્યપ્રતિમા ઉપસાવવાની રજૂઆત મનુષ્યજીવનનો ઘણો સમય વેડફી નાખે છે.

મનુષ્ય બહાર દેખાવા મથે છે તેવો આંતરિક રીતે હોતો નથી. તે પોતાના સામાજિક વહેવારમાં સતત્ પોતાની ખોટી પ્રતિમાને જ ઉપસાવી રહ્યો હોય છે.

મનુષ્ય પોતાની બાહ્ય નાટકીય પ્રતિમાને રજૂ કરવામાં કુશળ અને કાર્યરત છે એટલું જ નહિ પણ તે પોતાની કહેવાતી સિદ્ધિ, સફળતા, કિંમતી રાચરચીલું, સંગ્રહ વગેરેની પણ પ્રતિમા ઉપજાવવા દિનરાત કોશિષ કરે છે.

આ આંતરપ્રતિમાની સુરક્ષાની દરકારની શરૂઆત મનુષ્યની શારીરિક સભાનતા–શરીર સાથેના તાદાત્મ્ય (Identification) થી શરૂ થાય છે. શારીરિક અને ભૌતિક ઊણપોને ઢાંકવા મનુષ્ય સતત્ પ્રયત્નશીલ રહે છે.

ઊર્મિ જગતમાં ભાવ–અભાવ, હકારાત્મક–નકારાત્મક સંવેદનો સાથેનું તાદાત્મ્ય પણ મનુષ્યના જીવનમાં કેટ-કેટલાંય ચઢાણ–ઉતરાણ સર્જે છે.

બુદ્ધિપ્રદેશના વિષયો સાથેનું તાદાત્મ્ય પણ મનુષ્યને નિરાંતે જંપવા દેતું નથી.

આ શરીર–સંબંધિત એટલે કે સહજ, સંવેદનાત્મક અને બૌદ્ધિક કેન્દ્રો સાથેના તાદાત્મ્યની ક્રિયા-પ્રક્રિયા મનુષ્યની એટલી બધી શક્તિ ખાઈ જાય છે કે તેની કોઈ સીમા નથી.

સર્વ પ્રકારનું તાદાત્મ્ય સંમોહિત નિદ્રાભરી જિંદગી છે.

પોતાની આંતરિક પ્રતિમા વિશેની સુરક્ષાની આ દરકાર મનુષ્યમાં તેના સગાં–સંબંધી, સ્નેહી–મિત્ર, સ્વજન–આપ્તજન અને પરિચિત વ્યક્તિઓના એક પ્રકારના કલ્પિત ભયમાંથી સર્જાય છે.

પોતાની આંતરિક પ્રતિમાની સાચી ઓળખ થતાં મનુષ્ય ઊંઘભર્યા કૃત્રિમ વહેવારથી બચી શકે છે.

આંતરિક પ્રતિમા પ્રત્યેની સભાનતાને ઓળખી લેવાથી જીવનમાં કલેશ અને તાણ, પીડા અને દુઃખ ઓછાં થાય છે. મનુષ્યના અસ્તિત્વનો વિકાસ અને ચેતનાનું વિસ્તરણ થાય છે; તથા જાગરુકતાને કારણે તેની સરલતા અને સહજતામાં નિખાર આવે છે.

મનુષ્ય સરલ અને સહજ બને, પ્રેમાળ અને કરુણામય બને તે જરૂરી છે.



આંતર પ્રતિમાની અસલિયતને ઓળખી તેને સુમેળયુક્ત કરી જાગરુકતાપૂર્વક વહેવાર કરતાં, સામાજિક સંબંધોમાં સંવાદ સર્જાય છે અને મનુષ્યનું નિજી જીવન તાણમુક્ત અને સુમધુર બની રહે છે.

'સ્વ'માં સ્થિત થવા માટે સાધક પાસે માત્ર એક જ અસલ આંતર્ પ્રતિમા હોય છે—આંતર–બાહ્ય પ્રતિમાઓ જેવું કાંઈ જોવા મળતું નથી.

બધા માણસોને સત્ય બોલતાં શીખવવું હોય તો સાથો-સાથ બધાએ સત્ય સાંભળતાં પણ શીખવું પડશે.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# પુનિત પગલે

કલ્યાણ

મે '૮૭ ની એકાંત મૌનસાધના દરમ્યાન પૂ. માના પવિત્ર અંતઃકરણમાં સંકલ્પ ઉઠ્યો કે ૧૦૮ વખત યોગેશ્વર લીલામૃતનું પાન કરવું. ગુરુલીલામૃતનું સર્જન પણ એકાંતમાં થયું અને યોગાનુયોગ એનું પારાયણ પણ એકાંત મૌનની સાધના દરમ્યાન થયું. આ પારાયણના ગાન વખતે ગુરુદેવપ્રભુના શ્રી ચરણો જ્યાં જ્યાં વિહર્યા તેમાં વિરપુર, બિલખા, વેરાવળ વિ. સ્થાનોના ઉલ્લેખ વારંવાર આવતા. શ્રી ચરણો જ્યાં જ્યાં વિહર્યા તે ભૂમિને પૂ. મા તીર્થભૂમિ-સમી પુણ્યવતી માને છે. એ તીર્થભૂમિના દર્શનના સંકલ્પ સાકાર થતાં સૌરાષ્ટ્રના તીર્થસ્થાનોની ત્રણેક દિવસની યાત્રાએ પૂ. મા પધાર્યાં. શ્રી શાંતિભાઇ મહેતા સાહેબની સરસ વ્યવસ્થાથી યાત્રા ખૂબ સાનુકૂળ રહી. પૂ. માના પુનિત પગલે જે પ્રેરણાદાયી પ્રસંગોનું દર્શન થયું, તે પુનિત દર્શનની માનસિક યાત્રા ચાલો ને આપણે પણ કરીએ.

અમદાવાદથી રાજકોટ પૂ. મા રાત્રે ૯–૩૦ વાગ્યે પધાર્યાં ત્યારે પૂ. માનું પુનિત દર્શન ઝંખતા ભકતો સરદાર-બાગ અતિથિગૃહમાં પહોંચી ગયા હતા. પૂ. માએ શાંતિભાઈને ખાસ યાદ કર્યા પરંતુ તેઓ બહારગામ ગયા હોવાથી મળી શકયા નહી. લાંબી યાત્રાના થાક છતાં પૂ. માએ રાતના બાર વાગ્યા સુધી સત્સંગ સુધાનું સૌને પાન કરાવી તૃપ્ત કર્યા. રાજકોટના ભકતોની ઘણા લાંબા સમયની દર્શનની ઝંખના પૂ. માએ આમ અચાનક પૂરી કરી તેથી સૌને ભારે આનંદ થયો. શ્રી નવીનભાઈ દવેએ એકાદ અઠવાડિયું



રાજકોટ રહી સત્સંગના લાભ આપવા પૂ. માને વિનંતિ કરી. સંજોગો જોતાં "એક ઘડી આધી ઘડી"ના સત્સંગ, દર્શનથી સંતોષ માનવો પડ્યો.

બીજે દિવસે સવારે રાજકોટમાં નવા બંધાયેલા શ્રીમદ્ રાજચંદ્રના મંદિરે પૂ. મા દર્શન માટે પધાર્યાં. શ્રીમદ્ રાજચંદ્રના દર્શનથી પૂ. મા ખૂબ જ પ્રસન્ન થયાં. આમેય શ્રીમદ્દનું જીવન અને કવન પૂ. માને ખૂબ ગમે છે. એ વખત તો કૃપાળુદેવની જન્મભૂમિ વવાણિયા પણ દર્શન કરી આવ્યાં છે. શ્રીમદ્દદેવના આત્મસિદ્ધિ શાસ્ત્રના કેટલાય શ્લોકોનું પૂ. મા પારાયણ કર્યાં કરે છે. ખાસ કરીને અહીં શ્રીમદ્ રાજચંદ્રની સુંદર મૂર્તિ પૂ. માને ખૂબ જ ગમી. તે મૂર્તિ કયાં તૈયાર કરવામાં આવી છે તેની તપાસ કરવા પૂ. માએ ભકતોને વાત કરી. ત્યારપછી પૂ. મા રામકૃષ્ણ આશ્રમના દર્શને પધાર્યાં. રામકૃષ્ણ મંદિરમાં ઠાકુરના ઘુંટણથી પડી ભાવપૂર્વક દર્શન કર્યા. મંદિરની સ્વચ્છતા, પવિત્રતા, ધ્યાન ખેંચે તેવી છે. મંદિરના વાતાવરણની દિવ્યતા અહીં સહજ અનુભવાય છે. પુસ્તકાલયમાંથી જરૂરી પુસ્તકો ખરીદ્યાં, અહીંથી સીધા જ ગોંડલ જવા રવાના થયાં ફરીથી દર્શન માટે શ્રી દવેભાઈ તથા ભકતોએ આગ્રહ કર્યો. ગોંડલ અક્ષરમંદિરના દર્શને પધાર્યાં. ભગવાન સ્વામી-નારાયણ અને તેમનાં પાર્ષદસમા ભકતો પ્રત્યે પૂ. મા ઊંડો ભક્તિભાવ ધરાવે છે. ધ્યાનાવસ્થામાં ગુણાતીતાનંદ સ્વામીના દર્શનના અનુભવો પણ અવારનવાર થયા કરે છે. અક્ષર-મંદિરમાં યોગીસ્મૃતિના પણ દર્શન કર્યાં. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વડા પૂ. શ્રી યોગીબાપાની સ્મૃતિમાં સુંદર સ્મારક રચવામાં આવ્યું છે. યોગી સ્મૃતિ ખંડમાં પૂ. શ્રી યોગી બાપાની મૂર્તિનાં પૂ. માએ ભાવપૂર્વક

દર્શન કર્યાં. સમર્થ યોગી પુરુષોની શક્તિ અલૌકિક હોય છે. પવિત્ર પ્રેમી આત્માઓને પોતાના દિવ્ય દર્શનનો લ્હાવો આપતા હોય છે. પૂ. માએ અદ્‌ભૂત દર્શનનો અનુભવ વર્ણવતા કહ્યું "અમે જ્યારે પૂ. યોગીબાપાની મૂર્તિના એક ચિત્તે દર્શન કરવામાં મગ્ન બન્યાં ત્યારે આસપાસની બાહ્ય-સૃષ્ટિનું ભાન ભૂલાઈ ગયું. ક્ષણવારમાં એ મૂર્તિ ફક્ત મૂર્તિ નહીં પરંતુ દિવ્ય ચૈતન્યથી સજીવ બની ગઈ. ચહેરા ઉપરના ભાવો દિવ્યતાથી સ્પંદિત થઈ ઉઠ્યા. મુખમાંથી હમણાં જ વાણી જાણે મુખરિત બની ઉઠશે! પરંતુ એ વાણીની મધુરતા અમે માણીએ એ પહેલાં જ આસપાસના અવાજોએ અમને બાહ્ય ભાનમાં લાવી દીધા." સ્વામી-નારાયણ સંપ્રદાયના સાધુઓ યોગી સ્મૃતિના દર્શને આવતા હોવાથી પૂ. મા તથા બીજા બહેનોને બહાર જવાની ફરજ પડી. પૂ. માને પૂર્ણ શ્રદ્ધા હતી કે જો તેમની એકાગ્રતા તૂટી ન હોત તો પૂ. યોગીબાપા સાથે જરૂર દિવ્ય વાર્તાલાપ-નો સુવર્ણ અવસર પ્રાપ્ત થાત. પણ આધ્યાત્મિક જગતમાં બધું નિશ્ચિત સમયે બનતું હોય છે. પૂ. યોગીબાપાની કૃપાથી અક્ષરમંદિરની પૂ. માની મુલાકાત ચિરંજીવ બની રહી.

ગોંડલમાં પ્રખ્યાત ભુવનેશ્વરી પીઠના દર્શને પણ પૂ. મા ગયાં. જગતજનની ભુવનેશ્વરી માતાના દર્શન પણ પૂ. માએ ખૂબ ભાવપૂર્વક કર્યાં. ત્યાંથી જાણીતા યાત્રાધામ વિરપુર ગયાં. જલારામ ભગવાનના એ પવિત્રધામની યાત્રા જ્યારે જ્યારે સૌરાષ્ટ્રમાં આવવાનું થાય છે ત્યારે અવશ્ય કરે છે. પૂ. યોગેશ્વરજી પણ એ યાત્રાધામના દર્શને વારંવાર આવતા. પ્રભુની પ્રત્યક્ષ કૃપાસમા ઝોળી અને ધોકાના દર્શન પૂ. માએ સૌને કરાવ્યાં. જૂનાગઢ સમયસર પહોંચવાનું હોવાથી ભક્તરાજ જલારામબાપાના ભાવપૂર્વક દર્શન કરી ત્યાંથી



જૂનાગઢ જવા રવાના થયા.

રાજકોટથી જૂનાગઢ જતાં જેતપુર પાસેથી પસાર થતાં શ્રી હરિભાઇએ ચંદ્રકાન્તભાઇને યાદ કર્યા. તેમનું ગામ અહીંથી નજીક હોવાથી હરિભાઈએ પૂ. માને ખીરસરા પધારવા વિનંતિ કરી. ભગવાન ભકતના સ્મરણે પુલકિત થઈ ઉઠે તેમ જાણે પૂ. મા ખીલી ઉઠ્યાં, "વ્હાલો પ્રેમને વશ થયા રાજી" એ સત્યને પ્રમાણિત કરતાં પૂ. મા જાણે ખીર-સરા દોડી આવ્યાં. આમ તો પૂ. મા કયારેય ક્યાંય પધરામણી કરતાં નથી. તેમ છતાં પ્રેમને વશ થઈ દોડી જાય પણ ખરાં! શ્રી ચંદ્રકાન્તભાઇનો સમગ્ર પરિવાર પૂ. મા અને ગુરુદેવ પ્રભુ પર ઊંડી શ્રદ્ધાભક્તિ ધરાવે. ચંદ્રકાન્તભાઇએ અધ્યાત્મ માસિકને મદદરૂપ થવા સો ઉપરાંત ગ્રાહકો નોંધેલા. જ્યાં જરૂર પડે ત્યાં પોતે લવાજમ ભરી આપે. પરિવાર ઉપરાંત પાડોશી અને સગાસંબંધીઓમાં જાણે સત્સંગની એક લ્હેર ઉભી કરી છે! પોતાના મકાનનું નામ પણ તેમણે "યોગેશ્વર કૃપા" રાખ્યું છે. પૂ. માના સાન્નિધ્યમાં યોજાતા દરેક સત્સંગના કાર્યક્રમોમાં શ્રી ચંદ્રકાન્તભાઈ સમગ્ર પરિવાર સાથે હાજરી આપે છે. ચંદ્રકાન્તભાઈના પૂ. બા સત્સંગમાં ઊંડી રૂચિ ધરાવે છે. ઘરમાં નિયમિત રામાયણના પારાયણથી પ્રભુ ભક્તિના સંસ્કારોને જીવંત રાખે છે. તેમનાં ધર્મપત્ની તેમજ બાળકો પણ એટલાં જ સંસ્કાર સંપન્ન છે. પ્રભુપ્રેમનો મધુરસ ચૂસવા એકત્ર થયેલો મધપૂડો જાણે! પછી એ મધપૂડાને પ્રેમરસથી પરીપૂર્ણ કરવા પૂ. મા પ્રેમે પહોંચી જાય એમાં શી નવાઇ!

"યોગેશ્વરકૃપા"ના બંધ બારણે ટકોરા પડતાં બારણા ખુલ્યાં તો પૂ. માને સાક્ષાત પધારેલાં જોઈ ચંદ્રકાન્તભાઇના બા તો હર્ષઘેલાં થઇ ગયાં. સુદામા ને સામળિયો મળ્યા જાણે!

અહીં પણ સુદામાની ખબર મળતા શામળિયે સામેથીજ દોડી આવ્યો હતો ને ? કેવું ભાવવિભોર દશ્ય ! સ્વાગતની વિધિઓ બધી એક બાજુ રહી ગઈ. હર્ષના આવેગમાં શુધબુધ વિસરાઇ ગઇ. પૂ. બા ઘરમાં દોડી જઈ નવી સાડીઓ લાવી પૂ. માના પધારવાના રસ્તા પર પાથરવા માંડ્યાં. પૂ. માએ પ્રેમભાવનો સ્વીકાર કરી એક વખત ચરણકમળ રાખી તે સાડીઓ લઇ લેવા કહ્યું. પૂ. મા તો દોડીને પરસાળમાં ઝુલો હતો ત્યાં બેસીને મસ્તીથી ઝુલવા લાગ્યાં. આજે " યોગેશ્વરકૃપા " ધામમાં પ્રભુની કૃપા સાચા અર્થમાં ઉતરી હતી. પૂ. માની સરળતા એટલી બધી છે કે એ સરળતા પાછળ છૂપાયેલી પૂ. માની પરમ દિવ્યતાની સતત ઝાંખી તો કૃપાપાત્ર ભકતો જ કરી શકે છે. અહીં પણ એજ સરળતાએ વાતાવરણને હળવું ફુલ બનાવી દીધું છે. ઝુલા ઉપરથી ઉતરી પૂ. મા " યોગેશ્વર-કૃપા "ના પાંચેય ઓરડાઓમાં કૃપા પગલાં પાડવા ચાલ્યાં.

પૂ. બા આગળ આગળ ચાલતાં ચાલતાં " આજ મારે આંગણે પ્રભુજી પધાર્યા " હરખભેર ગાતા પૂ. માને એક પછી એક ઓરડામાં પધરામણી કરાવવા લાગ્યાં. પૂજાના ઓરડામાં આવતાં પૂ. મા જ્યાં ગુરુદેવપ્રભુ અને પૂ. મા પ્રતિમારૂપે બિરાજતા હતા તે પૂજાસ્થાનમાં ઘૂંટણીયે પડી ભાવપૂર્વક પ્રણામ કર્યા. પ્રભુને પ્રસાદમાં કેરી ધરેલી જોઈ પૂ. મા કહે " પ્રભુને અહીં કેરી ખાવાની મજા છે " ચંદ્રકાન્તભાઈએ દરેક ઓરડામાં પૂ. મા અને ગુરુદેવપ્રભુના વિવિધભાવવાળા ફોટાઓ રાખ્યાં છે ને દરેક તસ્વીરનાં પૂ. માએ ભાવપૂર્વક દર્શન કર્યા. ચંદ્રકાન્તભાઇનો ભાવ એવો કે તે ભાવના દર્શન ઘરમાં દરેક જગ્યાએ થાય. ઘરનો ગમે તે કબાટ ખોલો તો પ્રભુ, ટેબલનું ખાનુ ખોલો તો પ્રભુ, અરીસામાં જોવા જાઓ તો ત્યાં પણ પ્રભુ, રસોડામાં પણ પ્રભુ. જાણે " યોગેશ્વરકૃપા " ધામના કણેકણમાં પ્રભુનો વાસ ! અત્ર, તત્ર સર્વત્ર પ્રભુને બિરાજેલા જોઇ પૂ. મા તો જાણે ગાંડાતુર ! ઝુલા પર બેસી પ્રભુનું નામસંકીર્તન કરવા લાગ્યાં. કપિલાબેને ધૂનથી એ કૃપાધામને ગજવી મૂકયું. પૂ. માએ ચંદ્રકાન્તભાઇના પુત્ર સંજયને ભજન ગાવાનું કહ્યું તો તેના અંતરમાં એવો ઉમંગ કે જે ભાવો દિલમાં ઉભરાયા તે વ્યકત કરવા લાગ્યો.



આજ મારે આંગણે આનંદ ઘડી રે લોલ,<br>
મા પ્રભુ પધાર્યાની વધામણી રે લોલ.<br>
મા પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી રે લોલ,<br>
મા પ્રભુએ મારી આંગળી પકડી રે લોલ.

પૂ. બાએ મગફળીનો પ્રસાદ ધરી માપ્રભુની ભાવપૂર્વક આરતી ઉતારી. સૌ ભકતોને રસપુરી જમવા માટે આગ્રહ-કર્યો. ચંદ્રકાન્તભાઇ અને તેમના ધર્મપત્નીની ગેરહાજરી હોવા છતાં પૂ. બાએ પ્રેમભાવ વ્યકત કરવામાં તેમની ખોટ પડવા દીધી નહી. અમારા ભકતો પ્રભુભકિતની સંપત્તિથી ભરપુર છે કે કેમ તે જાણવા કયારેક પૂ. મા અચાનક ' દરોડા ' પાડે છે. પરંતુ એ દરોડામાં પ્રભુપ્રેમની સંપત્તિથી ઉભરાતા પ્રભુના ધામોનું દર્શન કરે ત્યારે પૂ માને પોતે કરી રહેલા ' નામ ' વેપાર સાર્થક લાગે.

એકાંત ગામડામાં આવેલું " યોગેશ્વરકૃપા " ધામ પૂ. માને ખૂબ ગમ્યું. અહીંની શાંતિ ધ્યાનપ્રેરક લાગી. જુનાગઢ પહોંચવાની ઉતાવળ હોવા છતાં પૂ. માએ બે કલાક પોતાના ભકતને આપી તે બે કલાક ચંદ્રકાન્તભાઈના પરિવાર માટે જીવનભરનું અખૂટ ભાથુ બની ગયું. જુનાગઢ જવા નીકળ્યા ખરા પણ પૂ. મા " યોગેશ્વરકૃપા "ને તો વિદાય કેમ આપી શકે ?

બપોરના બે વાગ્યે જૂનાગઢ પહોંચ્યાં.

અસહ્ય ગરમી અને મુસાફરીના થાકની પરવાહ કર્યા વગર પૂ. મા શ્રદ્ધાભક્તિ સંપન્ન સત્સંગીઓને સત્સંગ-સુધાનું પાન કરાવતાં રહે છે. થોડો આરામ કરી ૪–૪૫ વાગ્યે પૂ. મા ભક્તવૃંદ સાથે પ્રખર યોગાચાર્ય શ્રીમન્-નથુરામશર્માના સ્મૃતિસ્થાન સમા આનંદઆશ્રમ બીલખાના દર્શને ગયા. આશ્રમમાં સમાધિમંદિર, ધ્યાનખંડ, પ્રાર્થના-ખંડ વિ. પવિત્ર સ્થળોનાં દર્શન કર્યા. બાજુમાં આવેલી શેઠ શગાળશાની પ્રખ્યાત જગ્યાના પણ દર્શન કર્યાં. બીલખાથી સતાધારના જાણીતા યાત્રાધામના દર્શને ગયાં. સતાધારથી લાંબીયાત્રાને અંતે રાત્રે ૯–૩૦ વાગ્યે વેરાવળ પહોંચ્યાં. આખા દિવસના અસહ્ય તાપ વચ્ચે થયેલી મુસાફરીના થાકને પણ સત્સંગ ચાલુ થાય એટલે પૂ. મા ભૂલી જાય છે. વેરાવળના એ રેસ્ટહાઉસમાં રાત્રિના ૧૨ વાગ્યા સુધી ધૂન ભજનની રમઝટ મચી રહી. સહયાત્રીઓના થાકને લક્ષ્યમાં લઇ સૌને આરામ કરવાની અનુજ્ઞા આપી.

*——*

## પૂ. માશ્રી સર્વેશ્વરીના સુરત, કપુરા અને ભાવનગરના કાર્યક્રમો

પૂ. માશ્રી સર્વેશ્વરી દ્વારા સુરતના બેસન્ટ હોલમાં રામ-ચરિત માનસના પૂ. શ્રી યોગેશ્વરજી રચિત મહાકાવ્યનો સમૂહ પાઠ. તા. ૨૯-૧૨-૮૭ થી ૮-૧-૮૮ સુધી દરરોજ ૯ થી ૧૧ અને ૫-૩૦ થી ૭-૩૦. તા. ૧૦–૧-૮૮થી ૧૫-૧-૮૮ સુધી કપૂરા જવા સંભવ છે.

તા. ૧૮-૧-૮૮ થી દસ દિવસ માટે ભાવનગર સત્સંગ અને રામાયણના મુખ્ય પ્રસંગોનું ગાન.



દેવ પૂજામાંથી ઊઠીને પણ

# સંતને સન્માનો (૧)

સંત તુકારામ

આપણે આપણા ઘરમાં દેવપૂજન કરવા બેઠા હોઈએ અને તેવે વખતે કોઈ સંતપુરુષ આપણે આંગણે આવી ચઢે તો તેમનો તરતજ આદર સત્કાર ન કરતાં, દેવપૂજન જ કર્યાં કરીએ તો તે ભારે અધર્મ કહેવાય. આવો અપરાધ કરનાર વ્યક્તિ દેવને ચંદન–પુષ્પ ચઢાવે કે તે ચઢાવતી વખતે જે મંત્રોચ્ચાર કરે તે બધા જ દેવના મસ્તર ઉપર પથ્થરના પ્રહાર કર્યા બરાબર થાય છે. પોતાના આંગણે આવેલા અતિથિનો અનાદર કરવો અને ભગવાનને પોરણપોળીનો થાળ ધરાવવો–તુકારામ કહે છે આવી ભેદબુદ્ધિ રાખીને જે કોઈ દેવનું પૂજન કરશે તે પૂજન નથી કરતો, પરંતુ ઉલ્ટો પોતાના દેવ ઉપર પ્રહાર કરે છે.

### (૨) મૂળ સ્વભાવ છૂપાવાતો નથી

જંગલની અંદર ચંદનનું ઝાડ પરિપકવ થયું હોય તો– "તું અમને તારી ખુશબો આપ એવું તેને કહેવું પડતું નથી; કારણ કે તેની અંદર સુગંધ ફેલાવવાનો જ સ્વભાવ રહેલો છે. ને પોતાની મેળે જ વગર કહ્યે બહાર પ્રકટ થાય છે. તે ઢાંકયો ઢંકાતોજ નથી. સૂર્યને કહેવું પડતું નથી કે સવાર થઈ માટે તું ઊગ. સૂરજ તો પોતાનો ઊગવાનો સમય થાય એટલે પોતાની મેળે જ ઊગે છે અને પ્રાણીમાત્રને જગાડવાને સારૂ તેને આજ્ઞા કરવી પડતી નથી; તેમ તેનાં કિરણો પણ કોઈને જાગી ઊઠવાની આજ્ઞા કરતાં નથી. તેઓ પોતે પોતાનું કાર્ય સ્વાભાવિક રીતે જ કર્યે જાય છે.

તુકારામ કહે છે કે મેઘગર્જના થાય એટલે સાંભળતાંની સાથે જ મોરથી નાચ્યા વિના રહેવાતું જ નથી; કારણ કે મોરનો નાચવાનો અને મેઘનો નચાવવાનો સ્વભાવ જ છે. જેનો જે મૂળ સ્વભાવ હોય તે કોઇનાથી છૂપાવી શકાતો જ નથી.

(૩) પ્રારબ્ધ

બે માટીનાં વાસણ એકજ કુંભારના હાથે બન્યાં હોય છે અને એકજ નીભાડામાં પાકયાં હોય છે. છતાં તેમાંનું એક રસોઈ બનાવવાના કામમાં આવી જવાથી રસોડાની અંદર જઇને બેસે છે, જ્યારે બીજું વાસણ નરકનું પાત્ર બનીને પાયખાનામાં ગોઠવાઇ જાય છે. એવી જ રીતે પોતપોતાના પ્રારબ્ધ વડે મનુષ્યો પણ જુદી જુદી પરિસ્થિતિમાં ગોઠવાઇને જીવે છે.

હીરો પત્થરોની સાથે એકજ ખાણની અંદર પેદા થાય છે; પણ હીરાની અંદર તેજ હોય છે, ત્યારે પત્થરની અંદર કાંઇ તેજ હોતું નથી. તુકારામ કહે છે પેલો હીરો રાજાના માથા ઉપર જઇ બેસે છે, ત્યારે પત્થરો પગથિયાં ચણવાના કામમાં વપરાય છે, જેના ઉપર લોકો રોજ પોતાના પગ મૂકીને જાય છે. ને આવે છે.



# પ્રશ્નોત્તરીની પ્રસાદી

જીજ્ઞાસુ

( હિમાલય નિવાસી–પ. પૂ. શ્રી અભિરામ બાપાની ભાવનગરમાંની પ્રશ્નોત્તરીમાંથી )

કેદારનાથથી પાંચેક કિલોમીટર નીચેના માર્ગ ઉપર આવેલી શ્રી હનુમાન ચટ્ટીમાં પ. પૂ. શ્રી અભિરામ બાબાનો આશ્રમ છે. પોતે ઊંચી કોટિના સ્વરૂપનિષ્ઠ સંત ને રામ-ભકત હોવા છતાં, ભકતો ઉપર કરૂણા કરીને, બે એક વર્ષે નીચે આવે છે ત્યારે ભાવનગરના ભકતોના ભાવને લીધે, ત્રણેક દિવસ માટે ભાવનગર હમણાં પધાર્યા હતા. તે પ્રસંગે પ્રશ્નોત્તરી ઘણી સારી ચાલતી. એમાંથી થોડી પ્રસાદી અહીં આપી છે. વાંચકોને તે ગમશે. —તંત્રી

પ્રશ્ન : મનને પ્રશાંત અને નિર્વિચાર શી રીતે કરી શકાય ?

ઉત્તર : અરે ભાઇ, તમે મનને નિર્વિચાર કરવાની માથા-કૂટમાં શું કામ પડો છો ? એના કરતાં એને પવિત્ર વિચારોથી જ ભરી દોને. એ કામ સહેલું છે. મનને નિર્વિચાર કરવા પ્રયત્ન કરશો, તો નિર્વિચાર કરવાનો વિચાર પણ મનમાં રાખવો પડશે. એટલે કોઇક વિચાર તો રહેશે. એના કરતાં પવિત્ર વિચારોને ભક્તિના ભાવોથી હૃદયને ભરી દો. ભક્તિ તો પરમ પ્રેમસ્વરૂપા છે. હૃદયમાં પ્રેમ વધતાં, ભાવ પણ પ્રગાઢ બનશે અને એમ કરતાં સ્તબ્ધતા કે નિસ્તબ્ધતાની અવસ્થા આવી જશે. એમાં કોઇ વિચાર નહિ હોય. પણ ભક્તિ એકદમ ઉત્કટ બન્યા પછી ખૂબ

લાંબા ગાળે એવી સ્થિતિ કોક વિરલને પ્રાપ્ત થાય છે; એ ધ્યાનમાં રાખજો.

બીજો માર્ગ છે મનમાં ઊઠતા વિચારોને દૃષ્ટાભાવથી જોયા કરવાનો. ચિત્તની વૃત્તિઓ કયી દિશામાં જઇ રહી છે, તે જોયાં કરો. એમ અભ્યાસ કરતાં કરતાં લાંબા વખતે દૃષ્ટા-ભાવ સ્થિર થશે. પછી મન કોઇ ક્રિયા પ્રત્યે પ્રતિક્રિયાનો ભાવ નહિ દર્શાવે. એટલે દૃષ્ટાભાવનો ઉદય થશે.

પ્રશ્ન : માણસ શું પોતાની પ્રકૃતિને બદલાવી શકે?

ઉત્તર : ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે દરેક જીવ પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તન કરે છે. એમાં હઠાગ્રહ કે આગ્રહ કાંઇ કામ લાગતો નથી. મોટા મોટા યોગીઓ પણ પોતાની સ્વભાવગત પ્રકૃતિને છોડીને કાર્ય કરી શકતા નથી, તો પછી સામાન્ય માણસનું તો શું ગજુ?

પરંતુ પ્રકૃતિ એક રીતે બદલી શકાય છે અને તે છે ભક્તિ માર્ગ.

જેમ કોઈ ઘન પદાર્થને પીગળાવ્યા વિના એના આકારમાં ફેરફાર કરી શકાતો નથી, તેમ માણસની પ્રકૃતિને બદલાવવા માટે તેને પ્રભુના પ્રેમરસની ભઠ્ઠીમાં પીગળાવો. એનાથી અષ્ટ સાત્ત્વિકભાવોનો ઉદય થશે. તે પછી તમે તમારી પીગળેલી પ્રકૃતિને નવા ઢાંચામાં ઢાળી શકશો. આ માટે પ્રભુ માટેનો ભારે તલસાટ હશે તોજ શકય બનશે. જેટલી પ્રકૃતિ વધુ જડ કે કઠણ એટલી ભક્તિની તીવ્રતા વધુ જોઇશે. હૃદય મુલાયમ થયા સિવાય, સંવેદનશીલ બન્યા સિવાય, ભક્તિ માટેના અષ્ટ સાત્ત્વિક ભાવો પ્રકટશે નહિ. આમ કરવું એ અઘરૂં જરૂર છે, પણ અશકય નથી.



ભક્તિ સિવાય બીજા કોઇ સાધનથી પ્રકૃતિ બદલવાનું શકય નથી.

સારી ને સાત્ત્વિક પ્રકૃતિ બનાવવા માટે સારાનો સંગ કરવો જરૂરી છે. સડેલી વસ્તુની દુર્ગંધ ને અત્તરની સુવાસ –સંગ કરવાથી જ પરખાય છે. માટે જેવો સંગ કરશો એવો રંગ પામશો. સુવાસ લેવી કે દુર્ગંધ સેવવી એ તમારા હાથમાં છે.

પ્રશ્ન : શું કામ ને ક્રોધના આવેગો ના જીતી શકાય?

ઉત્તર : રજોગુણમાંથી ઉત્પન્ન થતા આ આવેગો ઘણા પ્રબળ હોય છે, તેમને પોતાની શક્તિથી જીતવાનું અભિમાન માણસે કદી ન રાખવું. એમના સૂક્ષ્મતર બનેલા ને આંતર મનમાં પડી રહેતા સંસ્કારો–કયારે બળવાન બની બહાર દેખા દે તે કહી શકાતું નથી.

પ્રભુકૃપા વિના એમને જીતવાનું શકય નથી.

સૌ પ્રથમ તો માનવે પોતે એ વિકારો પ્રત્યે જાગ્રત બની એમને દૂર કરવા માટે પોતાનાથી બનતા પ્રયત્નો કરવાની સાથે સાથે પ્રભુની પ્રાર્થનાદ્વારા સહાય માંગતા રહેવું જોઇએ. તમારી સાચા દિલની પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં પ્રભુ તમને જરૂર મદદ કરશે, એવો વિશ્વાસ રાખવો.

આ વાત નીચેના ઉદાહરણ પરથી વધુ સારી રીતે સમજાશે.

તમે એક ઓરડામાં કાચનાં બારી બારણાં બંધ કરી બેઠા છો. ત્યાં બારી પાસે એક મધમાંખી કાચના આવરણને ભેદીને બહાર જવા પ્રયત્ન કરતી તમે જુઓ છો; પણ મધમાખીમાં તો એ શક્તિ નથી કે કાચનું આવરણ ભેદી એ બહાર નીકળી શકે. છતાં એનો પુરુષાર્થ જોઇ, તમારૂં મન પીગળે છે ને

તમે ઊઠીને બારીનું બારણું ઉઘાડી દો છો. એથી મધમાખી બહાર ઉડી જાય છે. તો એમાં જેમ મધમખીનો પુરુષાર્થ કેવળ કામીયાબ નથી બનતો, પરંતુ એનો પુરુષાર્થ જોઈને તમારામાં પ્રગટેલી કરૂણા સહાયરૂપ બને છે. એજ રીતે કામ-ક્રોધને જીતવાના તમારા પ્રયત્નો ને પ્રભુને પ્રાર્થના બન્નેનો સુમેળ સધાતાં, પ્રભુ પોતે કરૂણાભાવે તમને મદદરૂપ થાય છે. હંમેશાં યાદ રાખો કે સરલ હૃદયે કરેલી પ્રાર્થના કદી નિષ્ફળ નથી જતી.

મનુષ્ય પોતાની શકિત અને પ્રભુની કૃપાથી ઘણુ બધું કરવાની ક્ષમતા ધરાવે છે, એટલે કોઇ બાબતમાં કદી નિરાશ થવાની આવશ્યકતા નથી. પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

જે માણસ પોતાના દુર્ગુણો પ્રત્યે સજાગ નથી એને ભગવાનની કૃપા કદી પ્રાપ્ત થતી નથી; કારણુ કે સજાગ માણસજ દુર્ગુણો દૂર કરવા મથે છે.


### યોગદર્શનની કેસેટો

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ ગુજરાત યુનિવર્સિટીમાં પાતંજલ યોગદર્શન ઉપર આપેલાં પ્રવચનોની સાત કેસેટોના સેટના રૂા. ૧૧૧ છે. જે ભાઇઓને આ કેસેટો ખરીદવામાં રસ હોય તેઓએ નીચેના સરનામે લખી જણાવવું જેથી તે સેટ તેઓને હવે પછીના જાહેર કાર્યક્રમમાં આપી શકાય.

શ્રી વિજયભાઈ કલોલા,
૩ ટાગોર સોસાયટી, ચિત્રકૂટ એપાર્ટમેન્ટ
સૌરાષ્ટ્ર હાઈસ્કુલ પાસે
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧




# સબ-સમાન

કમલસુથાર

( પ્રેરક-પ્રસંગકથા )

‘ સ્વરાજ્ય એ મારો જન્મ સિદ્ધ અધિકાર છે.’ આ બુલંદનાદ જગાવનાર બાળગંગાધર લોકમાન્ય તિલક હતા. સ્વરાજ્ય અને સ્વતંત્રતા માટે એમણે અંગ્રેજો સામે અવિરત અહિંસક સંગ્રામ કર્યો હતો. તે નર કેસરી હતા. ઊંચ-નીચના ભેદભાવમાં તે જરાય નહોતા માનતા. માનવધર્મ એ સૌથી ઊંચો ધર્મ છે. એવું એ માનતા હતા.

એકવાર ગણેશોત્સવ ઉજવાઇ રહ્યો હતો. ભકત લોકો ભારે ધામધૂમપૂર્વક ગણેશજીની મૂર્તિને જળમાં પધરાવવા માટે લઇ જઈ રહ્યા હતા. વરઘોડો આગળ વધી રહ્યો હતો. લોકો ભજન કીર્તનમાં તરબોળ હતા. વાજિંત્રો વાગતાં હતાં. લોકમાન્ય તિલક પણ આ વરઘોડામાં સામેલ હતા. વરઘોડો નગરમાંથી પસાર થતો હતો. લોકો ઉત્સવના આનંદમાં મગ્ન હતાં. ત્યાં રસ્તામાં એક હરિજનની નાનકડી ઝુંપડી આવી. ઝુંપડી પાસે મા-દીકરો ઊભાં હતાં. મા-ગરીબ હતી પણ દિલ ઉદાર હતું. દીકરો રડતો હતો. તેના હાથમાં ગણેશજીની સુંદર પ્રતિમા હતી. ઉત્સવ ઘેલાં લોકોએ તો આની કોઇ દરકાર ન કરી. પણ લોકમાન્ય તિલકની નજર આ બાળક ઉપર પડી. તે ઝુંપડા પાસે ઊભા રહ્યા. અને રડતા બાળકની માતાને સસ્નેહ પૂછયું :

“ માજી, આ બાળક શા માટે રડે છે ? ”

માતાએ જવાબ આપ્યો :

‘ મહારાજ, આ છોકરો હઠીલો છે.

'પણ એ રડે છે શા માટે ?' તિલકે પૂછ્યું.

'આ મારા દીકરાએ ગણેશની મૂર્તિ બનાવી છે. આ મૂર્તિ તેને આ વરઘોડાની મૂર્તિ સાથે નદીના જળમાં પધરાવવી છે. આ તો સવર્ણોનો વરઘોડો છે. આ શી રીતે બને ? એ માનતો નથી. ને રડે છે."...માજીએ ચોખવટ કરી.

લોકમાન્ય તિલક તો કરુણામૂર્તિ હતા. તેમણે રડતા બાળકને પોતાની પાસે બોલાવ્યું ને વાત્સલ્યભાવે તેની પીઠ થાબડતાં કહ્યું :

"એમાં શી મોટી વાત છે ભાઈ, ચાલ રડીશ નહિ. આવ મારી સાથે તારી મૂર્તિ લઇને. અને આ વરઘોડાની મૂર્તિ સાથે તેને ગોઠવી દે."

માતા ધ્રુજતા અવાજે બોલી :

"મહારાજ, અમે તો હરિજન છીએ. અછૂત છીએ અમારી મૂર્તિ ત્યાં વરઘોડાની મૂર્તિ સાથે મૂકીએ તો તમારી મૂર્તિ અપવિત્ર થાય.-" અને તેની આંખોમાં આંસુ આવ્યાં.

લોકમાન્ય તિલકનું હૃદય પીગળી ગયું હતું. તે બોલ્યા : "માજી-છૂત-અછૂત, ઊંચ-નીચનો ભેદતો માણસો કરે છે. ભગવાન આગળ તો બધા સરખા છે. ત્યાં કોઈ ઊંચ નથી કે નીચ નથી."...આમ કહીને તેમણે સ્નેહપૂર્વક બાળકના હાથમાંથી ગણેશજીની મૂર્તિ લઈને વરઘોડાના રથમાંની મૂર્તિ સાથે ગોઠવી દીધી. બાળક આનંદમગ્ન બની ગયો. લોકમાન્ય તિલકે તે બાળક અને તેની માતાને પણ વરઘોડામાં સાથે લીધાં. લોકો તો આ જોઈને દંગ થઈ ગયાં. મા-દીકરો ગણેશોત્સવના વરઘોડામાં ભક્તિ ભાવપૂર્વક જોડાઈ ગયાં હતાં.



શ્રીયોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

( ગતાંકથી ચાલુ )

સં. પરમાર્થી

ગાંધીગૌરવ વિશે વાત નીકળતાં એમણે મને જણાવ્યું કે એના આમુખની નકલો તમને તથા નવજીવન કાર્યાલયને હું સાત દિવસમાં મોકલી આપીશ.

ઊઠતી વખતે એ અમને દરવાજા સુધી વળાવવા આવ્યા ને પ્રણામ કરીને બોલ્યા : આશીર્વાદ આપો કે સઘળું સારું થાય.

મેં કહ્યું : તમારી ઉપર તો ઈશ્વરના આશીર્વાદ છે જ.

## (૩) જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન

ઇ. સ. ૧૯૭૦ માં અમારે ફરીથી આલંદીમાં રહેવાનું થયું. ત્યારે મને જ્ઞાનેશ્વર મહારાજના દર્શનની ઈચ્છા થઈ. રાત્રે હું એમનું આત્મિક અનુસંધાન સાધીને એમની પ્રાર્થના કરતાં બેસી ગયો. એ વખતે અમારો ઉતારો સમાધિ મંદિરની પાસેની ધર્મશાળામાં હતો. લગભગ રાત્રે બે વાગે મારું મન અસાધારણ શાંતિને અનુભવવા લાગ્યું અને મને જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન થયું. એમનું સ્વરૂપ અત્યંત તેજસ્વી, આહ્લાદક અને આકર્ષક હતું. થોડોક પ્રેમપૂર્વક વાર્તાલાપ કરીને એ અદૃશ્ય થઇ ગયા, પછી હું આરામ કરવા માટે પથારી પર આડો પડ્યો.

આલંદીની એ યાત્રામાં અમારી સાથે મુંબઇથી કાંતિભાઇ પણ જોડાયલા. પાંચેક વરસના ટૂંકા પરિચય-ગાળામાં તેઓ ખૂબ જ નજીક આવી ગયેલા. એમણે અમારી સાથે સૌરાષ્ટ્રની, બદરીકેદારની અને છેલ્લે છેલ્લે ગંગોત્રી તથા પશુપતિનાથની

યાત્રા કરી હતી. બીજે વરસે એમનું શરીર બગડયું અને ઇ. સ. ૧૯૭૫ ની પંદરમી ઓગસ્ટની વહેલી સવારે સ્વર્ગવાસી થયા. મૃત્યુ પહેલાં એમણે આપેલા આદેશને અનુસરીને એમનાં ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. એમના જવાથી નાના-મોટા અનેકને અસાધારણ ખોટ પડી. સુમન ગયું, સુવાસ રહી ગઇ. સરિતા સરી કિન્તુ ધરતીને સલિલવતી કરી ગઇ.

## (૧) અમૃતસરમાં વેદાંત સંમેલન

અમૃતસરમાં વેદાંતકેસરી સ્વામી નિર્મલજી મહારાજે શરૂ કરેલાં વેદાંત સંમેલનનો રજતજયંતિ મહોત્સવ ઇ. સ. ૧૯૭૫ માં દિવાળી પહેલાં થવાનો હોવાથી સ્વામી નિર્મલજીના શિષ્ય અને સંમેલનના પ્રધાન પ્રબંધક શ્રી હરિકિશનદાસના આગ્રહપૂર્ણ આમંત્રણને માન આપીને અમે અમૃતસર ગયાં. એ અવસર યાદગાર બની ગયો.

અમૃતસરનું વેદાંત સંમેલન વિશાળ પાયા પર યોજાયલું. એમાં અનેક વિખ્યાત મહાત્માઓ, મહામંડલેશ્વરો, વિદ્વાનોએ ભાગ લીધો. શ્રોતાઓની સંખ્યા ઘણી મોટી હતી. એમાં મારાં પ્રવચનો રોજ થતાં. પ્રત્યેક દિવસે એકકેક મહાત્માની અધ્યક્ષપદે નિયુક્તિ થતી. છેલ્લે દિવસે મારી પણ નિયુક્તિ થઇ. બે દિવસનાં પ્રવચનો પછી મહંતો, મંડલેશ્વરો અને સંતો મારા પર પ્રેમ દર્શાવતા થયા. એક મંડલેશ્વર મહારાજને તો એટલો બધો પ્રેમ થયો કે બીજા મહાત્માઓને અને મંડલેશ્વરોને કહેવા લાગ્યા કે "યોગેશ્વરજીનું પ્રવચન સાંભળો. ધન્ય બની જશો. કેવું સરસ સારગર્ભિત બોલે છે!" એ સુંદર વકતા હતા તો પણ ગુણગ્રાહી વૃત્તિથી પ્રેરાઇને મારી પ્રશંસા કરવા લાગ્યા, એ એમની મહાનતા હતી.

એવા બીજા એક સંત પુરુષ તરફ મારું લક્ષ સહજ રીતે



આકર્ષાયું. એમને અવલોકતાં જ મને એવી લાગણી થઈ કે આ કોઈ સામાન્ય મહાત્મા નથી પણ આત્મિક સાધનાનો આધાર લઈને જીવન સિદ્ધિના ઉચ્ચ શિખરે પહોંચેલા કોઈ અપવાદરૂપ મહાપુરુષ છે. સંસારમાં એમની કોઈ સ્થૂળ સંપત્તિ ભલે ન હોય, પણ મુખ્ય માર્ગના વિશાળ વૃક્ષ નીચે બેસી રહેલા એ સંત અધિકારી મહાત્મા હતા. આસન અને કમંડલ સિવાય બીજું એમની પાસે કાંઇ ન હતું. એમનું અંગ અતિ સ્થૂળ હતું. મુખમંડળ ગૌર અને તેજસ્વી હતું. ઊંડી શાંતિથી આચ્છાદિત અને પ્રસન્નતાથી પુલકિત મુખમંડળ હતું. એના જેવી અદ્ભુત મૂર્તિ મેં મારા આજ સુધીના જીવનમાં બીજી નથી જોઇ.

અમે સંમેલનમાં પ્રવેશવા માટે બીજે દિવસે એમની પાસેથી પસાર થયા ત્યારે એમણે અમને જોઇને સુખદ–સંમોહક સ્મિત કર્યું. ત્રીજે દિવસે એમના હાથમાં ચ્હાનો પ્યાલો હતો. એમને જોઇ મને થયું કે આ મહાત્મા પુરુષ વૃક્ષ નીચે બેસી રહે છે. એમની પાસે ભૌતિક સંપત્તિ કે સાધન સામગ્રી દેખાતી નથી. તેઓ રાતે કયાં રહેતા–સૂતા હશે ?

મારા આ મનોભાવોને સમજી લઈ, મારી જિજ્ઞાસાના જવાબમાં એમણે મને નમસ્કાર કહીને કહેવા માંડયું :

या निशा सर्वभूतानाम् तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

ગીતાજીના બીજા અધ્યાયના આ શ્લોકનો ભાવાર્થ સ્પષ્ટ હતો. એ દ્વારા મહાપુરુષ સૂચવવા માગતા હતા કે સામાન્ય રીતે માનવો રાતે નિદ્રાધીન બને છે. પરંતુ યોગી નિદ્રાજીત થઈ રાતે જાગે છે. એ અવિદ્યાના જગતમાં કદી પણ સૂતો નથી. અખંડ જાગ્રત રહી, પ્રજ્ઞાથી પવિત્ર પરમાત્માના પ્રેમના જગતમાં જાગે છે. હું પણ એવી રીતે જાગું છું. આમ કહીને

એમણે મને પુનઃ પ્રણામ કર્યા.

એ સુંદર, સ્વચ્છ, વિશાળ રાજમાર્ગ પરથી મને પોતાની પાસેથી પસાર થતો જોઇ એ રોજ પ્રણામ કરતા તો પણ હું એમની સાથે ખાસ બોલતો નહિ. મારે નક્કી થયેલા સમયે સંમેલનમાં જવાનું હોવાથી ત્યાં જવાની ઉતાવળ રહેતી. પાછા ફરતી વખતે પણ રોકાવાનો સમય ન મળતો. એક દિવસ મને થયું કે હું આ સંતપુરુષને પ્રેમથી બોલાવતો નથી તો પણ એ મને બોલાવે છે. એમને માનાપમાન જેવું કશું નથી. મારા આ વિચારને જાણી લીધા હોય તેમ, એના જવાબમાં કહ્યું: 'માનાપમાન યો સ્તુલ્ય :' મતલબ કે મહાત્મા પુરુષો માન અને અપમાનને સરખાં ગણે છે. એ ઉદ્‌ગારો સાધુપુરુષની અંતરંગ અસાધારણતાના પરિચારક હતા.

એમના દ્વારા પ્રેરણા ને પ્રકાશ પામીએ એટલું જ આપણે માટે પર્યાપ્ત છે. 'વંદે મહાપુરુષ તે ચરણારવિન્દમ્.'

## (૨) કટોકટી વખતે

દેશમાં કટોકટી જાહેર કરવામાં આવી ઇ. સ. ૧૯૭૫ માં. લોકશાહીના આત્માને મારી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. દેશમાં ભય, આતંક ને અશાંતિનું મોજું ફરી વળ્યું. મારો અંતરાત્મા લેશ પણ પ્રસન્ન ના થયો. રોજ રાતે દેશમાં નવીન પ્રકાશ પ્રગટાવવા માટે આતુર હ્રદય પ્રાર્થના કરતો. મારી એ કાર્ય પદ્ધતિના વિસ્તૃત ઇતિહાસમાં નહિ પડું. અહીં તો એટલું જ કહીશ કે આ વખતની ઘટનાઓ માનવસર્જીત નથી, ઈશ્વર નિર્મિત છે. માનવ તો એમાં નિમિત્ત બન્યો છે એટલું જ.

(ક્રમશઃ)

—*—



# શ્રી રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

ભરતે કહ્યું : 'મારા આગ્રહને માન આપીને રામ જો અયોધ્યામાં પાછા ના ફરે તો એ સંજોગોમાં શું કરવું તેનો નિર્ણય પણ મેં કરી રાખ્યો છે.'

ઊર્મિલાને પોતાના તરફ આતુરતાભરી આંખે અવલોકી રહેલી જોઇને ભરતે પોતાની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યું : 'એ સંજોગોમાં મારાથી બીજું કરી શકાય પણ શું ? મારી પાસે બીજો રસ્તો જ કયો રહે છે ? રામ અયોધ્યા આવવા માટેના મારા આગ્રહને માન્ય નહિ રાખે તો વનવાસની અવધિ પૂરી થતા સુધી મારે લક્ષ્મણની જેમ એમની સેવામાં રહેવું પડશે. લક્ષ્મણની પેઠે મને પણ એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ છે. એમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ પણ અજબ છે. એટલે એ મારો અસ્વીકાર તો નહિ જ કરે એની મને ખાતરી છે. એ જો વારંવારના પ્રયત્નો છતાં પણ પાછા નહિ ફરે તો મારે માટે પણ અયોધ્યામાં આવવાનો કશો અર્થ નહિ રહે. મારા આત્માને અયોધ્યાના એકલવાયા વાતાવરણમાં નહિ પરંતુ એમના સમાગમમાં જ શાંતિ મળશે. એ સમાગમ વનનો હોય કે નગરનો, મારે માટે સુખકારક સાબિત થશે.'

ભરતની રામને માટેની પ્રીતિ જોઇને ઊર્મિલા આભી બની ગઇ. એણે કહ્યું પણ ખરું : 'આવો અસાધારણ ભાતૃપ્રેમ તો કોઇ વિરલ આત્માની અંદર પેદા થતો હશે. મહારાજ દશરથનો દિવંગત આત્મા આ પ્રેમ ભાવને જોઇને પરમ પુલકિત કે પ્રસન્ન થતો હશે. એમાં લેશ પણ સંદેહ નથી લાગતો.' 'એ ભાતૃપ્રેમની

સફળતા તો રામ વનમાંથી પાછા આવે ત્યારે જ થાય ને ?' એટલું બોલતાં બોલતાં તો ભરત ભાવવિભોર અને ગદ્‌ગદ્‌ બની ગયા.

ઊર્મિલા બોલી : ' રામ વનમાંથી પાછા આવે કે ના આવે તો પણ એની સફળતા તો થઇ જ ચૂકી છે. એ પ્રેમ તો જ્યારથી અંતરમાં પ્રકટ્યો છે ત્યારથી જ સફળ છે.' વિશેષ વિલંબમાં પડયા વિના એક ધન્ય દિવસે ભરતે વનપ્રતિ પ્રયાણ કર્યું.

એ વખતે એના અંતરમાં અનેરો ઉમંગ ઉછળવા માંડ્યો. મહર્ષિ વસિષ્ઠે, સુમંત્રે, કૌશલ્યાદિ માતાઓએ, ઊર્મિલાએ, અને બીજા પ્રમુખ રાજપુરુષોએ ઘણોય આગ્રહ કર્યો પરંતુ ભરતે રથમાં બેસવાનું પસંદ ના કર્યું.

એણે સૌના આગ્રહ માટે આભાર માનતાં અશ્રુભરી આંખે કહેવા માંડયું : ' રામ થોડે સુધી જ રથમાં બેસીને નીકળેલા અને પછી તો પગપાળા જ આગળ વધેલા, એટલે મારે પણ પગપાળા જ આગળ વધવું જોઇએ. હું અયોધ્યાની બહાર આનંદ કરવા નથી નીકળ્યો પરંતુ એક પ્રકારના તપનું અનુષ્ઠાન કરવા નીકળ્યો છું. એટલે રથમાં નહિ બેસી શકું.'

સેના તથા રાજપુરુષોના વિશાળ કાફલા સાથે ભરત ગંગાના તટપર વસેલા સુંદર સ્થાન શ્રૃંગવેરપુરમાં પહોંચ્યા.

એ પ્રદેશ પર નિષાદરાજ ગુહનું શાસન હતું. ભરતની વિશાળ સેના જોઇને એને કોઈક અમંગલની શંકા થઇ

એણે પોતાના સેવકોને કહ્યું : ' પિતા દશરથના આદેશને અનુસરીને રામ રાજ્યનો ત્યાગ કરીને સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા છે છતાં પણ ભરતને એથી સંતોષ નથી લાગતો. રામને રંજાડવા માટે એણે પોતાની વિશાળ સેના સાથે પ્રસ્થાન કર્યું છે. પરંતુ ભરતનો હેતુ જો પવિત્ર ને નિષ્કપટ હશે તો જ એ આગળ વધી શકશે. નહિ તો આપણે એનો એની સેનાનો



મુકાબલો કરીશું.

સુમંત્રે ભરતને નિષાદરાજના રામને માટેના પવિત્ર પ્રેમનો પરિચય આપ્યો. એટલે ભરતે નિષાદરાજને પોતાને મળવાનું આમંત્રણ આપ્યું.

ભરતનો ભેદ લેવાનો ઉચિત અવસર આવેલો જાણીને નિષાદરાજે ભરતના આતિથ્ય માટે ફળફૂલ તથા ઉત્તમ ખાદ્ય પદાર્થો સાથે અસંખ્ય સેવકોને મોકલ્યા ને પાછળથી પોતે પણ ભરતની સેવામાં આવી પહોંચ્યો.

ભરતનો વિધિપૂર્વક સ્નેહ સત્કાર કર્યા પછી નિષાદરાજે પોતાની શંકાને વ્યક્ત કરતાં કહ્યું : ' તમારી સાથે આટલી બધી સેના જોઈને મને સંદેહ થાય છે કે રામને માટે તમારા દિલમાં કોઇ દુર્ભાવના તો નથી પેદા થઇ ?'

ભરતે નિષાદરાજનાં સરળ ને સ્પષ્ટ વચનો સાંભળીને ઉત્તર આપ્યો : ' નિષાદરાજ, તમારો પ્રશ્ન સમય સરનો ને સમજી શકાય તેવો છે. રામને વનવાસ મળ્યો ત્યારે હું અયોધ્યામાં ન હતો. મને એની ખબર પાછળથી અયોધ્યામાં આવ્યા પછી પડી ત્યારે મારું અંતર ભયંકર ક્રંદન કરી ઊઠયું. મને થયું કે અયોધ્યામાં બીજું બધું છે પરંતુ રામ વિના એની કિંમત કશી જ નથી. રામ વિનાની અયોધ્યાપુરી મને નીરસ લાગી. એમનો અધિકાર જેના પર હતો ને છે તે રાજ્યાભિષેક મને ભારે અપરાધરૂપ જણાયો માટે જ હું રામને વિનવવા ને બને તો પાછા લઈ જવા માટે બહાર નીકળ્યો છું. રામ મારા પ્રેમભાવ તરફ તો જોશે ને ?'

એટલું કહેતાં કહેતાં તો ભરતની આંખમાં આંસુ આવી ગયાં. નિષાદરાજ ભરતનો પ્રખર પ્રેમભાવ જોઇને ચકિત બની ગયો. એને પોતે પૂછેલા પ્રશ્ન બદલ અફસોસ થયો.

( ક્રમશઃ )

સંપૂર્ણ કરમુક્ત વ્યાજ, કરરાહતના લાભ તથા સંપત્તિ વેરામાંથી સંપૂર્ણ મુક્તિ માટે જાહેર ભવિષ્યનિધિ (પી. પી. એફ)માં નાણાં રોકો

વાર્ષિક ૧૨% કરમુક્ત ચ. વૃ. વ્યાજ

- ૧૫ વર્ષીય જાહેર ભવિષ્યનિધિ (પી. પી. એફ)માં નાણાંકીય વર્ષમાં રૂા. ૧૦૦ થી રૂા. ૬૦,૦૦૦ એક સાથે અથવા ૧૨ સરળ હપ્તે રૂા. ૫ના ગુણાંકમાં નાણાં રોકો.
- સ્વયં રોજગાર મેળવનાર માટે અમૂલ્ય તક.
- વાર્ષિક ૧૨% સંપૂર્ણ કરમુક્ત ચ. વૃ. વ્યાજ.
- રોકાણ સંપત્તિવેરામાંથી મુક્ત.
- રોકાણ અદાલતી ટાંચ કે જપ્તિમાંથી મુક્ત.
- વારસ નિયુક્તની સગવડ

: લોન/ઉપાડની સગવડ :

- ત્રીજા નાણાંકીય વર્ષમાં સહુ પ્રથમ લોન મળી શકશે.
- છઠ્ઠા નાણાંકીય વર્ષથી દર વર્ષે એક વખત ઉપાડની સગવડ.
- (૧) વ્યકિતગત (૨) હિન્દુ અવિભકત સંયુકત કુટુંબના કર્તા તરીકે (૩) સગીરના વાલી તરીકે તથા (૪) "એસોસિએશન ઓફ પરસન" અથવા "બોડી ઓફ ઈન્ડીવીડયુઅલ" વતી એમ ચાર પ્રકારના ખાતા ખોલાવી શકાય છે.
- અન્ય માન્ય જામીનગીરી સહિત ઉપરોકત ચારેય ખાતાની જે તે કરપાત્ર આવકમાંથી આવકવેરા ધારાની કલમ ૮૦-સી હેઠળ વાર્ષિક રૂા. ૪૦,૦૦૦ સુધી કપાત રાહત મેળવો.
- હેડ પોસ્ટ ઓફિસ/સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કે તેની સહાયક બેંક/રાષ્ટ્રીય બેંકની નિયુકત શાખામાં ખાતુ ખોલાવો.
- બેંક કે હેડ પોસ્ટઓફિસની એક શાખામાંથી બીજી શાખામાં કે અરસપરસ ખાતાની ફેરબદલી થઈ શકે.

—સચિવ, (આબા.) નાણાં વિભાગ, ગુજરાત
—માહિતી


## * ભગવદ્‌—સ્મરણ ત્યાંજ વૈકુંઠ *

આ કલિયુગમાં દંભ ને પાખંડ તેમ જ જૂઠ, કપટ ને માયાનું જોર છે. ઈશ્વરનો પ્રેમ તો શોધ્યો પણ જડતો નથી. તેથી આજે સારીયે દુનિયામાં ભયંકર અશાંતિ ને દુઃખ ઊભું થયું છે. જે ઈશ્વરને યાદ કરશે તે જ કેવળ સુખી રહી શકશે. આ સંસાર ચાર દિવસનું ચાંદરણું છે. તેમાં સાચો રસ નથી. બધી સગાઈ કેવળ સ્વાર્થની છે. પણ અનુભવ થયા વિના કે દુઃખ પડ્યા વિના માણસને આ સમજાતું નથી, ને આ ના સમજાય ત્યાં લગી ભગવાન પર પ્રેમ જાગ્રત થતો નથી. જેને ભગવાન પર પ્રેમ થાય છે તેનાં તો અનેક જન્મોનાં પુણ્ય ઊઘડ્યાં એમ સમજવું.

ભગવાનનું સ્મરણ કરવામાં ને તેની કથાવાર્તા કરવામાં જેને આનંદ આવે છે તેણે તો જીવતાં જ સંસારને જીતી લીધો. દુનિયામાં તેને તો વૈકુંઠ ને સ્વર્ગથી પણ વધારે સુખ મળી ગયું. જે ઘરમાં ભગવાનનું નામ લેવાય છે, ભગવાનનું ભજન થાય છે તે ખરેખર વૈકુંઠ જ છે.

—યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * સર્વ સુખનું મૂળ–ઇશ્વરસ્મરણ *

ભગવાન પર જેને વિશ્વાસ હોય છે તેને કંઈ જ સંકટ કે દુઃખ પડી શકતું નથી. દુઃખ આવે તો પણ તે સુખમાં પલટાઇ જાય છે. એવો ભગવાનની દયાનો મહિમા છે. મીરાબાઇ અને પ્રહ્‌લાદને કેટલું દુઃખ પડયું હતું! પણ ભગવાને તેમને ઊની આંચ પણ આવવા દીધી નહિ ને ખૂબ સુખ આપ્યું. ભગવાન પર શ્રદ્ધા ને પ્રેમ ના હોવાથી જ બધાં સંકટ પડે છે.

ઈશ્વરની કૃપા વિના આ ઘોર કળિયુગમાં ઈશ્વર પર પ્રીતિ થઈ શકતી નથી. જૂઠા મદ, મોહ ને અભિમાનમાં માણસો એવાં તો ફસાયેલાં છે કે તેમનું મન ઈશ્વર તરફ વળી શકતું જ નથી. મનુષ્યશરીરને આવા લોકો ફોગટ જ ખોઇ બેસે છે. જે શરીરથી દયા, દાન, ધર્મ વગેરે કરવું જોઈએ, ને ઈશ્વર સ્મરણ કરી મુક્તિનું સુખ પ્રાપ્ત કરવું જોઇએ, તે શરીરને તેઓ નકામું નાખી દે છે.

ઈશ્વરના સ્મરણ વિના કદી સુખ મળતું નથી. જીવન-માં જે અનેક પ્રકારનાં દુઃખ પડે છે તેનું કારણ ઈશ્વરને માણસો ભૂલી જાય છે તે જ છે. જે ઈશ્વરને યાદ કરે છે, તેનું સ્મરણ કરે છે, તેની રક્ષા કરવાને ઈશ્વર સદા બંધા-યેલા છે. મીરાં, પ્રહ્‌લાદ વગેરે અનેક સાચાં પ્રેમીઓને તેણે સુખ આપ્યું છે. તેમની ભયંકરમાં ભયંકર વિપત્તિ પણ દૂર કરી છે. માટે પ્રભુને યાદ કરતા રહો.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧